૨૩૭૧

જરથોસ્તિ ધર્મનીતિ.

અંક ૧ લો.

બનાવનાર.

હોરમસજી નવરોજજી લૉર્ડ.

એલફિન્સ્ટન હાઈ સ્કૂલના આસિસ્ટંટ માસ્તર.

[illegible]

અષેમ વોહૂ વહિસ્તેમ અસ્તિ.

અર્થ.

નેકીઆઈ સર્વોત્તમ સદ્ગુણછે.

રાહાનુમાએ માઝદીયસનાના સભાની કારોબાર મંડળીએ મરહુમ શેઠ ફરામજી એદલજી કોલાપુરવાળાએ કીધેલી રૂપીઆ દસ હજારની સખાવતના વેઆજમાંથી જરતોશતી બાળકોને ધરમ નીતિની કેળવણી આપવા વાસ્તે છપાવી પ્રગટ કીધીછે.

મુંબઈ,

દફતર આશકારા છાપખાનાં મધે,

રૂસ્તમજી નસરવાનજી બંબાતાએ છાપ્યુંછે.

કોટ—કાવસજી પટેલ સ્ટ્રીટ, નંબર ૯૭.

સને ૧૨૫૮ યજદેજરદી.

સને ૧૮૮૯ ઈસવી.

કીમત બે આના.

જરથોશ્તિ ધર્મનીતિ.

અંક ૧ લો.

બનાવનાર,

હોરમસજી નવરોજજી લૉર્ડ.

એલફિન્સ્ટન હાઈ સ્કૂલના આસિસ્ટંટ માસ્તર.

𐬀𐬱𐬆𐬨 𐬬𐬊𐬵𐬎 𐬬𐬀𐬵𐬌𐬱𐬙𐬆𐬨 𐬀𐬯𐬙𐬌

અષેમ્ વોહૂ વહિશ્તેમ્ અસ્તિ.

અર્થ.

સચાઈ સર્વોત્તમ સદગુણછે.

રાહાનુમાએ માજદીયશના સભાની કારોબાર મંડળીએ
મરહુમ શેઠ ફરામજી એદલજી કોલાપુરવાળાએ કીધેલી
રૂપીઆ દસ હજારની સખાવતના વેઆજમાંથી
જરથોશ્તીની બાલકોને ધરમ નીતિની કેલવણી
આપવા શારૂ છપાવી પ્રગટ કીધીછે.

મુંબઈ.

દફતર આશકારા છાપાખાનાંનાં મધે,
રૂસતમજી નવરોજજી સંબાતાએ છાપયુંછે.
કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નં૦ ૮૭.

સને ૧૨૫૪ યજદેજરદી.
સને ૧૮૮૫ ઈસવી.

કીમત બે આના.

૨૩૭૫

જરથોશ્તિ ધર્મ નીતિ અંક ૧ લાનો
દીબાચો.

રાહાનુમાએ માજદીયશના સભાની કારોબાર મંડળીની તરફથી ઇશાવી સને ૧૮૮૦ નાં વરશમાં જાહેર ખબર છપાવીને જરથોસ્તી છોકરાંઓને માટે જરથોસ્તી ધર્મ નીતિ અંક પેહલાનો રેશાલો માંગવામાં આવેઓ હતો અને સરવેથી સરસ લખનારને રૂપીઆ ૧૦૦) નું ઇનામ આપવાને જણાવેઉં હતું. આપેલી મુદતમાં કોઇબી લખનાર તરફથી રેશાલો નહી મળવાને લીધે કારોબાર મંડળીએ ઇશવી સને ૧૮૮૧ ના વરશમાં બીજી જાહેર ખબર છપાવીને આ બાબદનો રેશાલો ફરીથી માંગવામાં આવેઓ હતો અને ઇનાંમના રૂપીઆ ૨૦૦) આપવા કીધા હતા.

આ બીજીવારની જાહેર ખબર મુજબ બે રેશાલા કારોબાર મંડળીને મલેઆ હતા. એ બેઉ રેશાલા તપાસવાને માટે ઠેરવેલી સબ કમીટીએ કીધેલા રીપોરટ મુજબ કોઇબી રેશાલો ઇનાંમને લાએક નહી માલુમ પડવાથી કારોબાર મંડળીએ ઇશવી સને ૧૮૮૨ ના વરશમાં તરીજી જાહેર ખબર છપાવીને આ બાબદનો રેશાલો ફરીથી માંગવામાં આવેઓ હતો અને તેનું ઇનાંમ રૂપીઆ ૩૦૦) આપવું કીધું હતું.

આ તરીજીવારની જાહેર ખબર મુજબ "તાંમમોઇ દાસ્તવાંમ દએનયાઓ ફ્રાવઓચા"—"દહેન મજદયશના"—"વીસ્પ સવાઓ જરથુસ્ત્ર પજમઇદે" અને "અરશ ઓખદેમ વાચેમ પજમદેહ" હેવી નીશાનીવાળા

ચાર રેશાલાઓ કારોબાર મંડળીને મલેઆ હતા જેમાંથી "વીસ્પ હુવાઓ જરથુસ્ત્ર પજમઇદે" હેવી નીશાંનીવાળો રેશાલો પસંદ પડવાથી તેની સાથનું પરબીડું ઉખેડવાથી ભાઇ હોરમજજી નવરોજજી લૉર્ડનું નાંમ જાહેર પડીઉં હતું. આ રેશાલો ઉપર જણાવેલા ચારમાંથી સરશ માલુમ પડવાથી તે કારોબાર મંડળીએ પસંદ કીધોછે અને પાછ લથી એ ભાઇને સુચના કીધાથી તેમાં કેટલાએક ફેરફાર થયાછે.

આ ચોપડી પ્રગટ કરતાં ઉપર જણાવેલાં કારણોને લીધે કેટલીક ઘીલ થાઇ તેથી રાહાનુમાએ માજદીયશના સભાની કરોબાર મંડળી દલગીરી બતલાવેછે.

આ ચોપડી રચનાર ભાઇ હોરમજજી નવરોજજી લાર્ડને રૂપીઆ ૩૦૦) નું ઇનાંમ આપવાની રકમ મરહુમ શેઠ નાશરવાંનજી મનચેરજી કામાજીનાં ધરમખાતાંનાં તર સટી સાહેબોએ એ ખાતાંનાં ફંડ મધેથી કારોબાર મંડળીને આપીછે માટે એ મંડળી તેઓના ઉપકાર માંનછે.

શેવટે કારોબાર મંડળી આનરે જણાવવાની રજા લીએ છે કે આ ચોપડી છપાવી પ્રગટ કરવાનો સઘળો ખરચ મરહુમ શેઠ ફરાંમજી એદલજી કોલાપુરવાળાએ કીધેલી રૂપીઆ દસહજારની સખાવતનાં વેઆજ મધેથી કરવામાં આવેઓછે.

મુંબઇ, રોજ ૧૬ મો માહા ૭ મો શેહેનશાહી માહા ૮ મો કદમી સને ૧૨૫૪ યજદેજરદી, તારીખ ૧ લી એપરેલ સને ૧૮૮૫ ઇશવી.

રાહાનુમાએ માજદીયશના સભાની
કારોબાર મંડળીના હુકમથી,
પેશતનજી દાજીભાઈ,
સેક્રેટરી.

જરથોશ્તિ ધર્મનીતિ.

અંક ૧ લો.

સાંકળિયું.

જરથોશ્તી ધર્મનીતિ.

પાઠ ૧ લો.

અહુરમજ્દ જગતનો કર્તા છે.

𐬀𐬰𐬆𐬨 𐬌𐬌𐬋 𐬀𐬵𐬎𐬭𐬋 𐬨𐬀𐬰𐬛𐬃 𐬀𐬰𐬆𐬨 𐬌𐬌𐬋 𐬛𐬁𐬙𐬀 𐬬𐬀𐬢𐬵𐬎𐬬𐬄𐬨 ।

અજેમ્ યો અહુરો મજ્દાઓ અજેમ્ યો દાત વહ્હ્વાંમ.[1]

અર્થ.

હું જે મહાગ્નાની ખુદા. હું જે વસ્તુઓના પેદા કરનાર (છું).

સર્વ વસ્તુઓના પેદા કરનાર એક સર્વશક્તિવાન સાહેબ છે.[2] સૂર્ય, ચંદ્ર, તારા, પવન, પાણી, જમીન, ઝાડપાન, પશુ, પંખી, માણસ, વગેરે સર્વ ચીજ તેણે પેદા કરીછે.[3] એ સર્વ પેદાએશને જગત અથવા સૃષ્ટિ કહેછે. જગત્કર્તાનું વર્ણન આપણા ધર્મપુસ્તક **અવસ્તામાં** કરેલુંછે. અવસ્તામાં જગત્કર્તાનાં નામ ઘણાંછે[4], પણ **અહુરમજ્દ** નામ

---

૧ વંદીદાદ ૨૨—ક૦ ૧. ૨ ઇજિશને હા ૭૦—ક૦ ૧.
૩ ઇજિશને હા ૧૯—ક૦ ૮. ૪ અહુરમજ્દ યશ્ત.

અવસ્તામાં વિશેષ ઠેકાણે વપરાયલુંછે.[૧] મહાજ્ઞાની ખુદાને **અહુરમજદ** કહિયે છીએ. જેમ ખુદા જગતનો કર્તાછે તેમ જગતની સંભાળ લેનાર તથા સર્વનું પોષણ કરનાર પણ તેજ સાહેબછે.[૨] ખુદાને આપણે જોઈ શકતાં નથી કારણ કે તે સાહેબને રૂપ અથવા આકાર નથી[૩], પણ તે સર્વ ઠેકાણે હાજર છે[૪] અને સર્વ વસ્તુઓ જોઇ શકેછે. તે સાહેબ હમેશનો છે અને હમેશાં રહેશે.[૫] તે સર્વમાં મોટો, પવિત્રાઇમાં પૂરો[૪], અને સર્વજ્ઞાની છે. આપણને પેદા કરી તે આપણી કેવી સંભાળ કરેછે! રાત અને દિવસ તે આપણને જાળવેછે. કેવો તે આપણ સૌના ઉપર કૃપાળુ છે! એવો જગતનો ધણી જે **અહુરમજદ** તેની આપણે સ્તુતિ કરવી જોઇએ.

[illegible]
[illegible]

તેમ્ સ્તૂમ્ યજ્મઇદે યિમ્ અહુરેમ્ મજ્દેમ્ દધ્વાંઓહ્હેમ......વીસ્પ વોહુ.[૬]

અર્થ.

સર્વ ચીજનો પેદા કરનાર અહુરમજદ જે પવિત્રાઇનો સાહેબછે તેની અમો સ્તુતી કરીએ છીએ.

નીતિસાર:—આપણને ખુદાએ પેદા કર્યાં માટે તેની આજ્ઞા પ્રમાણે ચાલવું. ખુદા સર્વ ઠેકાણે જુએછે અને સર્વ ચીજ જાણેછે, તેથી જો કાંઇ ખોટું કામ કરીએ તો

---

૧ ઇજશને, વંદીદાદ ૭૦ ૨ અહુરમજદ યશ્ત.
૩ ઇજશને હા ૪ ફ૦ ૭. ૪ અહુરમજદ યશ્ત ફ૦ ૭.
૫ દોઆ નામસેતાએશને. ૬ ઇજશને હા ૭૦ ફ૦ ૧.

કદાચ કોઇ બીજું જોઇ શકે નહિ પણ ખુદા તો તે જરૂર જાણે અને તે સર્વ શક્તિવાન સાહેબછે માટે તે આપણને સજા કરી શકે. તે વાસ્તે સર્વ બાળકોએ તે સાહેબને હરઘડી યાદ કરવો, અને તેનાથી બીહીને કાંઈ ખોટું કામ કરવું નહિ.

દોહરો.

અહુરમજદ જે સરવનો, છે પેદા કરનાર;
કરો બંદગી તેહની, ડરો બદીથી યાર.

પાઠ ૨ જો.

અહુરમજદની સેતાયશ.

ભૈરવી—ખ્યાલ.

શું વખાણ તુજે કરિયેજ ખુદા,
    તુજ સેલ બેરેજ અપાર છે.
કુદરતમાં કુલ પડે નજરે,
    બહુ ચાજતણા ચમકાર છે.
ગિરિ ગંભિર ને દરિયો ભરિયો,
    નદિનાં જળ નિરમળ સાર છે.
ખુબ ઝાડ, જનાવર, જંગલ ને,
    વળિ આબ હવાનિ શિ બહાર છે.
પૃથ્વીપર ને વળિ પાતાળમાં,
    ભરિયા ખુબ ગંજભંડાર છે;
વળિ સુરજ, ચંદ્ર અને ગ્રહ તે,
    તારાગણનો નહિ પાર છે.
સમજે તારી ગતિ સાહિબ તુંજ,
    બરો સહુનો સરદાર છે.

સહુ ચીજતણો જગમાંહિ ખુદા,
　　રૂડી રીતથી તું રચનાર છે.
શિખવા ગતિ તારી તથા ચતુરાઇ,
　　શું પામરના કંઈ બાર છે ?
તન ને મનનાં સુખનો જગમાં,
　　એક તુંજ ખરો આધાર છે.
અમને નેક મારગ શીખવ તું,
　　તેથી સુખ આ સંસાર છે.

પાઠ ૩ જો.

સપેતમાન જરથોશ્ત.

𐬎𐬱𐬙𐬀. 𐬥𐬋. 𐬰𐬁𐬙𐬋. 𐬀𐬚𐬭𐬀𐬎𐬎𐬋.
𐬌𐬌𐬋. 𐬯𐬞𐬌𐬙𐬁𐬨𐬋 𐬰𐬀𐬭𐬀𐬚𐬎𐬱𐬙𐬭𐬋 ॰

ઉસ્તા નો જાતો આથ્રવ યો સ્પિતામો જરથુશ્ત્રો.[૧]

અર્થ.

ધન્ય ભાગ્ય ! આપણે માટે એક ધર્મગુરૂ જે **સપેતમાન જરથોશ્ત** તે જન્મ પાંમ્યો.

સવાલ—**અહુરમજ઼દે** આપણને શા માટે પેદા કર્યાછે ?

જવાબ—આપણે ભલા થઇએ અને નીતિને માર્ગે ચાલીએ માટે **અહુરમજ઼દે** આપણને પેદા કર્યાછે.

સ૦—માણસ જાતને સંપૂર્ણ નીતિને માર્ગે ચાલવા પહેલાં કોણે શિખવ્યું ?

---

૧ ફરવરદીન યશ ક૦ ૯૪.

જ૦—સપેતમાન જરથોશ્તે.[1]

સ૦—સપેતમાન જરથોશ્ત ક્યાંનો રહેવાસી હતો ?

જ૦—"ઇરાનવિજ"[2] નામના આહિળા મુલકના "રએ" શહેરનો **જરથોશ્ત** રહેવાસી[3] હતો.

સ૦—જરથોશ્તના બાપનું નામ શું ?

જ૦—પોરૂશસ્પ.[4]

સ૦—જરથોશ્તની માનું નામ શું ?

જ૦—દોગદો.

સ૦—જરથોશ્તને 'સપેતમાન' કેહેવાનું કારણ શું ?

જ૦—'સપેતમાન' નો **અર્થ** સૌથી પવિત્ર થાયછે **અને** પવિત્રાઇમાં સર્વ માણસથી **જરથોશ્ત** ચઢીઆતો હતો[5] માટે એને **સપેતમાન જરથોશ્ત** કેહવામાં આવેછે.

સ૦—સપેતમાન જરથોશ્તનો જન્મ ક્યા વર્ષમાં થયો હતો ?

જ૦—સપેતમાન જરથોશ્ત એટલાતો પુરાતનકાળમાં જન્મ્યો હતો કે તેના જન્મનું વર્ષ બરાબર જણાયલું **નથી.** પણ ૫૦૦૦) વર્ષનીબી શ્રાગ્રુંક આગમજ તેનો જન્મ થયો જોઇએ એવું પ્રાચીનકાળના ગ્રંથકર્તાઓના પુસ્તકોપરથી માલમ પડેછે.

સ૦—જરથોશ્તને પેગમ્બર શા માટે કેહેછે ?

જ૦—સઘળા ધર્મમાં સર્વથી સરસ જે આપણો ધર્મ છે[6] તેનો દુનિઆમાં પેહેલો શિખવનાર[7] તથા ફેલાવનાર[8]

---

૧ ફરવરદીન યષ્ટ ફ૦ ૮૮. ૨ ઇજશને હા ૯ ફ૦ ૧૪.
૩ ઇજશને હા ૧૯ ફ૦ ૧૮. ૪ ઇજશને હા ૯ ફ૦ ૧૩.
૫ ફરવરદીન યષ્ટ. ૬ ફરવરદીન યષ્ટ ફ૦ ૯૨.
૭ ફરવરદીન યષ્ટ ફ૦ ૯૦. ૮ ફરવરદીન યષ્ટ ફ૦ ૮૮.

જરથોશ્ત હતો માટે **જરથોશ્ત** પેગમ્બર કહેવાય છે. **જરથોશ્તે** દુનિઆના લોકોની રાહનોમાઈ કીધી એઆને તેઓને ભલો અને સાચો રસ્તો બતાવ્યો.

સ૦—જરથોશ્તની ખુબીઓનું વર્ણન કરો ?

જ૦—જરથોશ્ત પવિત્ર મનનો, સાચું બોલનાર, અને રૂડું કામ કરનાર હતો.[१] **જરથોશ્તને અશો** કહેવામાં આવેછે. **અશો**નો અર્થ **સાચો** થાયછે.

સ૦—અશો જરથોશ્તને અવસ્તામાં કેવા દરજ્જાનો ગણ્યોછે ?

જ૦—જરથોશ્ત પેગમ્બરને આખી પૃથ્વિનો હાકેમ અને સર્વ પવિત્ર માણસોમાં સર્વોત્તમ ગણ્યો છે.[२]

સ૦—અશો જરથોશ્તે કઈ ચીજ પસંદ કરી અને કઈ ચીજને ધિક્કારી ?

જ૦—સર્વ ભલી ચીજોને તેણે પસંદ કીધી[૩] અને બુરાઈ તથા બુરી ચીજોને તેણે દુર કીધી.[४]

સ૦—અશો જરથોશ્તે સર્વ માણસના ફાયદાને માટે જે ભલાં કામો કીધાં તેથી તે **અશો** તરફ આપણી શી ફરજ છે ?

જ૦—અશો જરથોશ્તે દુનિઆના ફાયદા માટે પોતાની પવિત્રાઈ તથા શકિત વાપરી માટે તે અશો નરની યાદ આપણાં મનમાં કાયમ રાખવી.

---

१ ફરવરદીન યશ્ત ક૦ ८८. २ વીસપરદ કરદો २ ક૦ ४.

૩ ફરવરદીન યશ્ત ८८. ४ ઇન્જશાને હા ૪ ક૦ ૧૫.

𐬰𐬀𐬭𐬀𐬚𐬎𐬱𐬙𐬭𐬆𐬨 . 𐬀𐬴𐬀𐬎𐬎𐬀𐬥𐬆𐬨 . 𐬀𐬴𐬀𐬵𐬆 . 𐬭𐬀𐬙𐬏𐬨 . 𐬫𐬀𐬰𐬀𐬨𐬀𐬌𐬛𐬆 .

જરથુસ્ત્રેમ્ અષવનેમ્ અષહે રતૂમ્ યજમઈદે.[1]

અર્થ.

અશોઈના ધણી **અશો જરથોશ્તને** હમો માનથી યાદ કરીએ છીએ.

નીતિસાર:—**અશો** જરથોશ્તને પેગમ્બર તરીકે માનવો. તે પેગમ્બર જેમ રૂડાં કામને ચહાતો હતો તેમ આપણે પણ કરવું અને બુરી ચીજ અને બુરાઓથી દુર રહેવું. **સઉથી** સરસ ધર્મ જેથી આખી દુનિઆનું ભલું થાય તે **જરથોશ્તે** શિખવ્યો તે માટે તેના આપણે ભારે ઉપકારી છીએ. એવા અશો નરની સ્તુતી હમેશાં કરતા રહેવું અને તેનાં ફરમાનો પ્રમાણે ચાલવાથી સુખી થશું એમ સમજવું.

દોહરો.

પેગંબર **જરથોશ્ત**ના, યાદ કરી ઉપકાર;
ફરમાનો સહુ પાળવાં, છે તેમાં સુખ સાર.

---

૧ અઇવિસ્રૂથ્રેમ ગેહ ફ૦ ૬.

પાઠ ૪ થો.

જરથોશ્તી મજદયસ્નની દીન અથવા ધર્મ.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

આસ્તુયે દએનાંમ્ માજ્દયસ્નીમ્ . . . . . . યા
હાઇતિનાંમ્ચા બૂષ્યેઇન્તિનાંમ્ચા મજિશ્તાચા વહિશ્તાચા
સ્રએશ્તાચા યા આહૂઇરિશ્ જરથુશ્ત્રિશ્.[૧]

અર્થ.

મજ્દયશ્ની દીનની વખાણ કરૂં છું. . . . . . કે જે ખુદાઇ જરથોસ્તીછે જે ચાલુ તથા હવે પછી થનારી (દીનો) માં સર્વેથી મ્હોટી, સર્વોત્તમ અને શ્રેષ્ટછે.

સ૦—ધર્મ એટલે શું ?

જ૦—ધર્મ એટલે ખુદા વિષેનું જ્ઞાન તથા આપણી ફરજ વિષેના ફરમાનો.

સ૦—ધર્મ શું શિખવેછે ?

જ૦—આ દુનિઆમાં અને આવતી દુનિઆમાં સુખી થવાને વાસ્તે કેવી રીતે ચાલવું તે ધર્મ શિખવે છે.

સ૦—આપણા ધર્મનું નામ શું ?

---

૧ ઇજશને હા ૧૨ ક૦ ૯.

જ૦—જરથોશ્તી મજ્દયસ્નની ધર્મ.

સ૦—જરથોશ્તી મજ્દયસ્નની ધર્મનો અર્થ શું ?

જ૦—જરથોશ્તે શિખવેલો **મહાજ્ઞાની સાહેબને** માનવાનો ધર્મ.

સ૦—એ ધર્મ વિષે અવસ્તામાં શું લખ્યું છે ?

જ૦—જરથોશ્તી મજ્દયસ્નની ધર્મ સર્વેને સુખ આપેછે અને દુનિઆને આબાદ કરેછે.[૧] એ ધર્મ ઉદ્યોગ અને નેકીનાં કામ કરવા ફરમાવેછે.[૨] એના ફરમાન પ્રમાણે ચાલવાથી સર્વ પ્રકારે નીપજ ફેલાયછે, કોઈ કજીઓ કરતું નથી.[૩] બુરાંઓને સજા કરનાર અને સારાંઓને ખુશાલ કરનાર,[૪] એ ધર્મ છે. ભલા માણસોનું દુઃખ એ ધર્મ ટાળેછે[૫] અને બુરાં કામ કરનારને નુકસાન પોંહચાડેછે.[૬]

સ૦—આપણા સુખને માટે એ ધર્મમાં શું ફરમાનો છે ?

જ૦—એકજ ખુદાને માનવો કે જેણે આખી જગત પેદા કીધી છે, બુરો વિચાર કદી મનમાં લાવવો નહિ; બુરા શબ્દો કદી બોલવા નહિ; અને બુરું કામ કરવું નહિ. હમેશાં સારો વિચાર મનમાં રાખવો, મોહોથી સાચા બોલો બોલવા અને સારાં કામો કરવાં.[૭] આળસાઈને દુર કરવી અને ભલાં કામમાં હમેશાં ગુંથાયલાં રહેવું. બુરાંઓને ધિક્કારવા અને સારાઓની વખાણ કરવી તથા તેઓ ઉપર હેત રાખવું.

સ૦—જરથોશ્તી ધર્મની ખુબી અને તેના ફરમાનો જાણ્યા પછી તમો દરેક જણે શું ઠરાવ કરવો જોઈએ ?

---

૧ ઈજશને હા ૧૨ ફ૦ ૮. ૨ વીસપરદ હા ૭ ફ૦ ૨.
૩ ઈજશને હા ૧૨ ફ૦ ૯. ૪ ઈજશને હા ૪૩ ફ૦ ૮.
૫—૬ વંદીદાદ ફર૦ ૩ ફ૦ ૪૧—૪૨. ૭ ઈજશને હા ૧૧ ફ૦ ૧૭.

જ૦—જરથોસ્તી મજદયસ્ની ધર્મ ખરોછે એમ હું કબુલ કરૂંછું અને તે ધર્મ પ્રમાણે ચાલવાનો ઠરાવ કરૂંછું.

[illegible]

[illegible]

ફ્રવરાને મજ્દયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર-ત્કએષો.[1]

અર્થ.

ખોદાઇ ધર્મ પ્રમાણે ચાલનાર, બુરાઇ, બુરી ચીજો અને બુરા માણસોથી દુર રહેનાર, મજ્દને માનનારો એક જરથોસ્તી થવાનો એકરાર કરૂંછું.

સવાલ—જરથોશ્તી મજ્દયસ્ની ધર્મના ફરમાનોને કેવી રીતે વળગી રહેવું જોઇએ?

જવાબ—આપણીપર ગમેતેવું દુઃખ આવી પડે તોપણ **જરથોશ્તી મજ્દયસ્ની** ધર્મના ફરમાનો પ્રમાણેજ ચાલવું અને આપણો જીવ ઉગારવા પણ એ ધર્મને છોડવો નહિ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

---

૧ ઈજશને હા ૧ ક૦ ૨૩.

નોઇત્ હે અપરસતવાને વહ્ઉહીમ્ દએનાંમ્ માજ્દ-યસ્નીમ્ નોઇત્ અસ્તય નોઇત્ ઉશ્તાનેમ્ચ નોઇત્ બઓધસ્ચ વી-ઉર્વિશ્યાત્.[૧]

અ ર્થ.

તે ભલી મઝ્દયસ્ની દીનને કદી ધિક્કારૂં નહિ. હાડકાં છુટાં પડે, જાન જાએ, બુદ્ધિ ગુમ થાએ તોપણ તજું નહિ.

(તન અને અકલનો નાશ થવાનો અને જીવ જવાનો જોખમ હોય તોપણ ભલી મઝદીયસ્ની દીનને કદી છોડું નહિ.)

દો હ રો.

જીવ જતે પણ છોડવી, નહિં જરથોસ્તી દીન,
નેકીથી રહિ તેહપર, ધરવું સત આકીન.

પાઠ ૫ મો.

જરથોસ્તી મજહબની ખુબી.

આસાવરી—પદ.

મઝબ મોટો જરથોશ્તનો જાણો.
જીહાન બધાએ જેને વખાણ્યો. મઝબ—ટેક.
તેવો નથી હકતકેશ્વરે કોઈ,
જાણજો મનથી વિચારી જોઇ. મઝબ૦ ૧
એક ખુદાનો વિચાર છે જેમાં,
સદગુણ નીતિભંડાર છે તેમાં. મઝબ૦ ૨

---

૧ વંદીદાદ પર૦ ૧૯ ક૦ ૭.

પૃથ્વિમાં પાક પુરાતન ગણાયો,
મહિમા સર્વથકી મોટો મનાયો. મઝબ૦ 3

હુમત, હુખ્ત, હુવર્શ્તજ સરખા,
ફરમાન જેના પવિત્ર તે પરખ્યા. મઝબ૦ ૪

મરમ રહ્યો કે એ ધરમમાં ભારી,
શરણું તેનું ગ્રાહએ વિચારી. મઝબ૦ ૫

હુમત તે મનનો જે નેક વિચાર,
હુખ્ત તે વાણી ભલીનો ઉચ્ચાર. મઝબ૦ ૬

કરણી ભલી તે હુવર્શ્ત ગણાય,
માયનો એજદ તે બેશ મનાય. મઝબ૦ ૭

કુદરતી વિદ્યાને મળતો ધરમ છે,
જેમાં નીતીના અનેક મરમ છે. મઝબ૦ ૮

દોજખ, બેહેસ્તતણો શું વિચાર,
સરવેથી પેહેલો કરો આશકાર. મઝબ૦ ૯

સરજાવ્યો સરવ જગતને જેણે,
હદ કરી એજદ અથાગ છે તેણે. મઝબ૦ ૧૦

પરમ પિતા જરથોશ્ત પ્રતાપી,
બુદ્ધિ તેની તે શકે કોણ માપી? મઝબ૦ ૧૧

ધરમમાં નેકી અશોઈનાં નંગ,
રાખે ખરાદ કરી તેને રંગ. મઝબ૦ ૧૨

દુરગુણ દૂર તે દિલથકી ટાળો,
વચન પેગંબરનાં સત પાળો. મઝબ૦ ૧૩

નેકીથી જીહાનનાં દુખ ટળિ જાશે,
જીભતમાંહી પરમ સુખ થાશે. મઝબ૦ ૧૪

પાઠ ૬ ઠ્ઠો.

ફરજંદની ફરજ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

દાયાઓ મે . . . તુથ્રુષાંમ્ આસ્નાંમ્ ફ્રજંન્તીમ્. . . આંઝોબૂજેમ્ હ્વીરાંમ્ યા મે ફ્રાધયાત્ ન્માનેમ્ચ વીસેમ્ચ જંન્તૂમ્ચ દામ્યૂમ્ચ દફ્હુસસ્તીમ્ચ.[1]

અર્થ.

આપ મને પોષણ કરનારૂં, જાતિ અકલવાળું, સંક-ટમાંથી છોડવનારૂં, પહેલવાન જેવું (જોરેમંદ) ફરજંદ. કે જે મારા કુટુંબનું, પાડપડોશીઓનું, શેહેરી ભાઇઓનું ભલું કરે અને દેશની કીર્તિને વધારે.

જુઓ છોકરાં, આપણાં માબાપ પોતાની બંદગીમાં ઉપર લખ્યા મુજબની મુરાદ રાખેછે. તેઓ પ્રાર્થના કરીને માગેછે કે તેઓને પેટે જાતિ અકલવાળાં બચ્ચાં પેદા થાય. જાતિ અકલવાળાં એટલે જલદીથી શીખી ભણીને રૂડી સમજણ જલદી મેળવી શકે તેવાં બચ્ચાં. બીજી મુરાદ તેઓ એ

---

૧ ઇજશને હા ૬૨ કે૦ ૪—૫.

ચાહેછે કે તે બચ્ચાં મોટાં થઇને પોતાનાં ઘરડાં માબાપનું પાલણ પોષણ કરે. ત્રીજી મુરાદ તેઓ એ ચાહેછે કે તે બચ્ચાં તનદરોસ્તી ભરેલાં રહે, ઘણાં જોરમંદ થાય, અને પોતાના માબાપપર, તથા ભાઇબંધપર કાંઇ સંકટ અથવા મુસ્કેલી આવી પડી હોયતો તેમાંથી તે ફરજંદો પોતાની અક્કલ અને કૌવત વાપરીને તે લોકોને છોડવે. એવી મુરાદ માંગવી તે કેવી સારી મુરાદછે !! એ સઘળા ઉપરથી દીસેછે કે ફરજંદોએ માત પિતાને દુનિઆંના સર્વ આદમીઓ કરતાં ઉંચાં ગણીને તેઓની તાબેદારી કરવી. આપણાં માબાપ એવી મુરાદ માંગીનેજ બેસતાં નથી. તેઓ આપણી સંભાળ લઈ, આપણને અન્ન વસ્ત્ર દેઇ, આપણું દુઃખ કાપી, આપણને પોતાથી બનતું સર્વ સુખ આપીને, પોખીને મોટાં કીધાંછે. તે માટે આપણે જીવીએ ત્યાંસુધી તેઓની સેવા કરીએ તોબી પાડ વાળી શકાય નહિ.

સર્વ બાળકોની ફરજછે કે પોતાનાં માબાપને નમીને અને માન આપીને ચાલવું અને તેઓ ઉપર અતિ ચાહ રાખવો. તેઓ જે શિખામણ દે તે ધ્યાન ધરીને સાંભળવી. આપણને સુધારવા માટે જે ઠપકો દે તે વાંકાવળી મુંગે મોહોડે ખમવો. વાતચીત કરવામાં આપણાં માબાપ વિષે માનથી બોલવું. તેઓ ખુશી રહે તેમાં આપણું સુખ સમજવું. જે છોકરૂં માબાપને માન આપીને તેઓના કહ્યા સર ચાલેછે તે મોટપણે સારૂંજ નિકળેછે તથા સુખી થાયછે અને લોકોમાં તેની વાહવાહ થાયછે. સર્વ છોકરાંએ યાદ રાખવું કે માબાપનું કહ્યું હમેશાં કરતાં રહેવું અને તેઓ રાજી રહે એમ ચાલવું એ ખુદાનું ફરમાનછે. રાતનાં બીછાને સુવા જતી વખતે અને સવારનાં બીછાનેથી ઉઠતી વખતે ખુદા પાસે દુવા ચાહવી કે આપણાં માબાપની આ

પાકને મથાળે તેમજ નિચે જણાવેલી ખરછા પાર પડે અને તેઓને સુખ સાથની લાંબી જીંદગી તે સાહેબ બખશે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

વો જઇધ્યામિ . અમવઇતીમ્ ફ્રજંતીગ્ય ખાપરાંમ . . . નએચિસ્ચ અડ્હાઓ યાસાઇતિ જયાનાઇ નોઇત્ મહ્રકાઇ નોઇત્ અએનઙ્હે નોઇત્ અપયતેએ.[1]

અ ર્થ .

તારાથી હું માગું છું એવું ફરજંદ કે જે હિમ્મતવાન, દુઃખને ધીરજથી ખમનારૂં, મને સંકટમાંથી ટાળનાર, દુઃખ નહિ પોંહોંચાડનાર, અને કીનો નહિ રાખનાર હોય.

દોહરો.

જે દુખ દે માબાપને, કરિને આશાલોપ,
તેના ઊપર થાયછે, જગકર્તાનો કોપ.

---

૧ ઇજિશને હા ૬૫—૨૦ ૧૧.

પાઠ ૭ મો.

માબાપનો ઉપકાર.

દેશ—ગરબી.

વિસરે, કેમ કહોજી વિસારી,
માત તાત માયા જે તમારી. અહો, વિસરે—ટેક.
બાળાપણથી સંભાળ તો લીધી,
કશી વાતે કસર નવ કીધી,
લીધી તસદી અમો કાજ ભારી. અહો, વિસરે૦ ૧
થતાં સુખિયાં, દેખી સુખી અમને,
દેખી દુખમાં, થતું દુખ તમને,
એવી મેહેર સદા મન ધારી. અહો, વિસરે૦ ૨
ખાન પાન અમોને આપી,
જ્ઞાનદાનથી કુમતી કાપી,
એથી છૈયે અધિક આભારી. અહો, વિસરે૦ ૩
પાડ વાળિયે કેમ તમારો,
નથી આસરો કાંઇ અમારો,
તોય ગણશું ગુણો સંભારી. અહો, વિસરે૦ ૪
કદી અમપર રીસ જો કરતે,
બચપણમાંહી વેગળાં ધરતે,
વલે થાત ખુદા શી અમારી? અહો, વિસરે૦ ૫
પણ માયાળુ માત પિતા તે,
એવું કદિયે કરે ન જરા તે,
બચ્ચાં પેટનાં દિલમાં વિચારી. અહો, વિસરે૦ ૬
કર્યું આટલું ને જે કરેછે,
હેત અદકૂં જે હૈયે ધરેછે,
એથી કોણ બીજાં સુખકારી? અહો, વિસરે૦ ૭

ગુણ માત પીતાના ભૂલે,
પાપી બાળક દુખમાં ડુલે,
થાય હાલત બહુ દુખિયારી. અહો, વિસરે૦ ૮
હદથી જયારે જે લાડ લડાવ્યાં,
તેથી સુખ તે મળ્યાં મનભાવ્યાં,
એવી કુદરતી પ્રીત તે ન્યારી. અહો, વિસરે૦ ૯
ખુશી કરવા ખુદાને ધારી,
મરજી રાખશું રોજ તમારી,
તેથી બીજું નથી લાભકારી. અહો, વિસરે૦ ૧૦

પાઠ ૮ મો.

શિષ્યની ફરજ.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

પોઉરૂમ્ચ નમેમે અસ્તિ અપરેમ્ચ પોઉરૂમ્ચ નમેમે ક્ષફ્ને અપરેમ્ચ ઉક્ષ્ને ખ્રથ્વે વીદ્રવાનહે અષાત્ . . . યઓનેમ્ આસ્તે.[1]

અર્થ.

પવિત્રાઇથી અક્કલનાં વધારાને માટે સવાર ને સાંજ જાથુક (વિધાર્થી) બેસે.

---

1 વંદીદાદ ૫ર૦ ૪ ફ૦ ૪૫.

આપણો ધર્મ જેમ બને તેમ અક્કલનો વધારો તથા જ્ઞાનનો ઉમેરો કરવાની તાકીદ કરેછે. એ ધર્મમાં શિક્ષકનો દરજ્જો ઉંચો ગણેલોછે.[1] આપણે સર્વ સાથે કેવી રીતે ચાલવું અને કેવાં કામો કરવાં તે સઘળાંનું જ્ઞાન શિક્ષક આપણને આપેછે. આપણને સુખી થવાનો રૂડો રસ્તો શિક્ષક બતાવેછે તેથી આપણા પોતાના ભલાને માટે **શિક્ષક** જે કહે તે પ્રમાણે ચાલવું અને તેમને માન આપવું. દરરોજ વખતસર નિશાળમાં હાજરી આપવી અને શીખવામાં ઉમંગ રાખવો જેથી શિક્ષકનું હેત આપણીપર વધે અને આપણા જ્ઞાનમાં વધારો થાય. જો આપણાથી કાંઈ ખોટું કામ થયું હોયતો તેમની આગળ હિમ્મત પકડી સાચેસાચી વાત કહી દેવી, પણ સજાથી બીહીને જુઠું બોલવું નહિ. નિશાળનાં સર્વ છોકરાં સાથ સલાહસંપથી રહેવું અને તેઓ સાથે માયાથી વર્તવું.

શિક્ષકની આજ્ઞા પ્રમાણે જો આપણે ન ચાલીએ, તેઓ શિખવે તેપર ધ્યાન ન દઇએ અને આળસુ રહીએ તો આપણે અજ્ઞાન રહી જઇએ છીએ જેથી મોટપણે આપણી દુર્દશા થાયછે અને ઘણું પસ્તાવું પડેછે. માટે શિક્ષકને આપણા મા બાપની માફક ગણવા, તેમની આજ્ઞા માનવી. અને તેમના ઉપર પ્યાર રાખવો. એવી રીતે ચાલવાથી આપણું ભલું થાયછે અને આપણે સુખી થઇએ છીએ.

દોહરો.

સારી વિદ્યા શીખવી, સદગુણ નેકી સાથ;
દુવા ગુરૂને દીજીએ, ભલું કરો જગનાથ.

---

[1] ફરવરદીન યશ્ત ફકરો ૯૭.

પાઠ ૯ મો.

ઉસ્તાદનો ઉપકાર.

યમન કલ્યાણ—ઠુમરી.

ઉસ્તાદના ઉપકાર હજારો,
મેહેર કરી જેણે જનમ સુધાર્યો. ઉસ્તાદના—ટેક.

ધન્ય દયાળુ, વિદ્યાદાતા, પાઠ તે ભૂલિયે, કેમ તમારો;
જ્ઞાનરૂપી ભલું, અમૃત પાયું, સફળ થયો, જે થકી જનમારો—
ઉસ્તાદના ઉપકાર૦ ૧.

ટાળી જનાવર, માણસ કીધાં, બોધ આપીને, દિન દિન સારો;
બક્ષિસ બુદ્ધીની, બેશ કીધી, બનિયો વિચારના, બળમાં વધારો—
ઉસ્તાદના ઉપકાર૦ ૨.

ફોકટ ગરવ, મટી ગયો મનથી, દુરગુણનો ન રહ્યો, કાંઈ ચારો;
સર કરી લીધું, હુકમ તમારા, દિલથકી માની, કરિયે સુધારો—
ઉસ્તાદના ઉપકાર૦ ૩.

ગુસ્સે થઈ હિત, અમારૂં ધારી, શિક્ષા કરો તે, સબળ સિતારો;
શુભ મતિરીતીના, પાઠ શિખાવો, તેમ ચાલે આવે, સહુ દુખઆરો
ઉસ્તાદના ઉપકાર૦ ૪.

ખુલ્લો ખુદાઈ, રસ્તો જે ખાસો, દેખાડ્યો સુખ, અહીં કરનારો;
લીધી ને લોકો, મેહેનત અમ સારૂ, ભૂલિયે કેમ, અમે ઉપકારો—
ઉસ્તાદના ઉપકાર૦ ૫.

વચન તમારાં, મન થકી માની, મારગ ધરિયે, જે સુખિયારો;
માસ્તરની શિખ, જે નવ માને, રડશે ફોકટ તે, ખોઈ જનમારો—
ઉસ્તાદના ઉપકાર૦ ૬.

પાઠ ૧૦ મો.

વખતની ગણત્રી—ભાગ ૧ લો.

[illegible]

[illegible]

અરન્ય અષવન અષહે રતવો આયેસે યેસ્તિ.૧

અર્થ.

પવિત્ર ગેહોના પવિત્રાઈના વખતોને સ્તુતિ સાથે હું યાદ કરૂં છું.

આપણી ભલી દીનમાં એવું ફરમાવેલું છે કે કોઈબી ચીજનો ફોકટ નાશ કરવો નહિ. હવે આ જીંદગીમાં વખત જેવું અમુલ્ય બીજું કાંઈજ નથી. કોઈ વસ્તુ આપણને અતિ વહાલી હોય અને તે ખોવાઈ જાયતો શોધ કરતાં તે આપણને કદાચ મળી શકેછે પણ ગુમાવેલો વખત કદી પાછો મળતો નથી માટે વખતને ફોકટ ગુમાવવો તે પાપ છે. વખત નકામો ગુજારવાથી જેમ મોટા થઈએ છીએ તેમ આળસાઈ આપણામાં વધતી જાયછે. વળી તે સાથ બીજી ઘણી ખરાબીઓ આપણા તનમાં અને મનમાં પેસેછે માટે વખત કદી વ્યર્થ ગુજારવો નહિ. જે જે કામ કરવું હોય તેને માટે ચોકસ વખત ઠેરવવો અને તે વખતે તે કામ પડતું નાંખી આળસાઈમાં વખત ગુમાવવો નહિ.

સર્વ લોકોમાં વખતના ભાગો કરેલા છે. જરથોસ્તીઓમાં વખતને વર્ષ, ગહમબાર, માહ, રોજ અને ગેહમાં

---

૧ ઈજશને હા ૨ ફ૦ ૩.

વહેંચી નાખ્યોછે. વરસના ગહમબાર છ, મહિના બાર, દરેક મહિનાના ત્રીસ દહાડા અને દહાડાની પાંચ ગેહ ગણવામાં આવેછે.

ચોક્કસ મહાન પુરૂષના વખતથી તેના નામે ગણાતા વર્ષને સને કહેછે. આપણો સને આપણો છેલ્લો ઇરાની પાદશાહ **યજદેજરદ** ગાદીએ આવ્યો હતો ત્યારથી ગણાયછે તેથી એ સનને **યજદેજરદી સને** કહેછે. **યજદેજરદ ઈ૦ સ૦ ૬૩૨** માં ગાદીએ આવ્યો હતો માટે એને ગાદીએ આવ્યાને સાડીબારસો ઉપર વર્ષ થયાં. આગલા વખતમાં ઇરાન દેશમાં જે પાદશાહ ગાદીએ આવે ત્યારથી તે પોતાના નામનો સને પોતાના રાજમાં ચલાવતો હતો. **યજદેજરદ** પછી કોઈ જરથોસ્તી પાદશાહ થયો નથી માટે **યજદેજરદી સને** આપણામાં હજુ ચાલુછે.

દોહરો.

વખત ન વ્યર્થ ગુમાવવો, કરવાં સારાં કામ;
જાય જીંદગી ખુશમાં, નહિ પસ્તાવો નામ.

પાઠ ૧૧ મો.

વખતની ગણત્રી—ભાગ ૨ જો.

[illegible]

રતવો વીરપે મજિશ્ત આયેસે પેશ્તિ અવર અરત્ય માશ્ર યાઈર્ય સરેધ.[૧]

અર્થ.

દહાડાના, દહાડાને લગતા (ગેહોના), મહિનાને લગતા (પખવાડીઆના), વરસોને લગતા (ગહમબારના), અને વરસના સઘળા મહા ઉપયોગી વખતોને સ્તુતી સાથે હું યાદ કરૂંછું.

સવાલ—કેટલા દહાડાનું એક વર્ષ ગણાયછે?

જવાબ—ત્રણસે સવાપાંસેક દહાડાનું.—પૃથ્વિ સુર્યની આસપાસ ત્રણસેં સવાપાંસેક દહાડે ફરી વળેછે તે પરથી એક વર્ષની ગણત્રી કરીછે.

સ૦—વર્ષની કેવી રીતે વેંહેંચણી કરેલીછે?

જ૦—ત્રીશ ત્રીશ દહાડાના બાર મહિના અને તેમાં પાંચ દહાડા ઉમેરી ત્રણસો પાંસઠ દહાડાનું એક વર્ષ આપણે ગણીએ છીએ અને બાકીના પા (૦।) દહાડાની ગણત્રી હાલ લેવામાં આવતી નથી.

સ૦—એ પા દહાડાની ગણત્રી કેવી રીતે લઈ શકાય?

જ૦—એક વર્ષે જો પા દહાડો તો ચાર વર્ષે એક વધુ અથવા અધિક દહાડો, અથવા ૧૨૦ વર્ષે એક અધિક મહિનો ગણી શકીએ.

સ૦—એ વધારાના દહાડા અથવા મહિનાનું નામ શું?

જ૦—એ અધિક દહાડો અથવા મહિનો **કબીસાનો** એટલે કસરનો વખત કહેવાય છે.

---

૧ ઈજશને હા ૨ ક૦ ૧૭.

સ૦—છ ગહમબારના નામ દો.

જ૦—મઇધ્યો-જરેમ્, મઇધ્યોશેમ્, પઇતિશેમ્, અયાથ્રેમ્, મઇધ્યારેમ્, હમસ્પથમએદેમ્.[૧]

સ૦—વર્ષના છ ગહમબાર કયા આધારપર ગણેલા છે?

જ૦—સરદી અને ગરમીનો વખત તથા પૃથ્વીપરની ચોકસ પેદાયસની મોસમ પ્રમાણે વર્ષની છ રૂતુઓ અવસ્તામાં જણાવેલીછે. એ છ રૂતુના સંબંધમાં વર્ષમાં છ ગહમબાર ગણેલાછે.

સ૦—જરથોસ્તી મહિનાના નામ દો.

જ૦—બાર મહિનાના નામ.

૧ ફરવરદીન, ૨ અરદીબેહેસ્ત, ૩ ખોરદાદ, ૪ તીર, ૫ અમરદાદ, ૬ શેહરેવર, ૭ મેહેર, ૮ આવાં, ૯ આદર, ૧૦ દેએ, ૧૧ બેહેમન, ૧૨ સપંદારમદ.

સ૦—ત્રીસ રોજના નામદો.

જ૦—૧ અહુરમજદ, ૨ બેહેમન, ૩ અરદીબેહેસ્ત, ૪ શેહરેવર, ૫ સપંદારમદ, ૬ ખોરદાદ, ૭ અમરદાદ, ૮ દેપાદર, ૯ આદર, ૧૦ આવાં, ૧૧ ખુરશેદ, ૧૨ મોહોર, ૧૩ તીર, ૧૪ ગોશ, ૧૫ દેપમેહેર, ૧૬ મેહેર, ૧૭ સરોષ, ૧૮ રશને, ૧૯ ફરવરદીન, ૨૦ બેહેરામ, ૨૧રામ, ૨૨ ગુવાદ, ૨૩ દેપદીન, ૨૪ દીન, ૨૫ અરશીસ્વંગ, ૨૬ આસ્તાદ, ૨૭ આસ્માન, ૨૮ જમીઆદ, ૨૯ મારેસ્પંદ, ૩૦ અનેરાન.

સ૦—જરથોસ્તી રોજ અને મહિનાના નામો શા ઉપરથી રાખ્યાછે?

જ૦—ખોદાએ પોતાની જે જે શકિતઓથી આ જગત બનાવીછે તે શકિતઓને યાદ રાખવા એ માહ અને રોજને તે શકિતના નામ આપવામાં આવ્યાંછે.

---

૧ આફ્રીનગાંન ગહમબાર.

સ૦—ગેહ એટલે શું ?

જ૦—ગેહ એટલે વખત. સૌથી પુરાતન વખતમાં આખા દહાડાના ત્રણ ભાગ કીધા હતા.[1] ત્યારપછી ચાર ભાગ કરવામાં આવ્યા હતા,[2] અને સેવટે પાછલા વખતમાં પાંચ ભાગ કરવામાં આવ્યાછે. એ દરેક ભાગને ગેહ કહેછે.

સ૦—એ પાંચ ગેહના નામ દો.

જ૦—હાવન, રપીથવન, ઉજીરન, એવીસરૂથ્રીમ, ઉશહેન.

દોહરો.

વખત બતાવેછે વળી, જુઓ જગતમાં આમ,
બધી જીંદગીમાં તમે, કર્યાં કેટલાં કામ.

પાઠ ૧૨ મો.

જરથોશ્તી ધર્મના મુખ્ય ફરમાનો— હુમત, હુખ્ત અને હ્વર્શ્ત.

𐬀𐬌𐬡𐬌.𐬔𐬆𐬭𐬀𐬌𐬌𐬁 𐬛𐬀𐬌𐬚𐬉 𐬬𐬍𐬯𐬞𐬁 𐬵𐬎𐬨𐬀𐬙𐬃𐬗𐬀 -
𐬵𐬏𐬑𐬙𐬃𐬗𐬀 𐬵𐬬𐬀𐬭𐬱𐬙𐬃𐬗𐬀 ।

અઇબિગઇર્યા દઇથે વીસ્પા હુમતાચા, હુખ્તાચા, હ્વર્શ્તાચા.[3]

અર્થ.

તમામ ભલા વિચાર, ભલા સખુન અને ભલી કરણીને હું અખ્તિઆર કરૂંછું.

---

1 ઇજશને હા ૪૪—ક૦ ૫. 2 વંદીદાદ ૨૧—ક૦ ૭.
3 ઇજશને હા ૧૧ ક૦ ૧૭.

સવાલ—જરથોશ્તી ધર્મનાં ફરમાન કેટલાં છે ?

જવાબ—ત્રણ.

સ૦—એ ત્રણ ફરમાન શું છે ?

જ૦—૧. નેક વિચારો કરવા. ૨. નેક સખુન બોલવા. ૩. નેક કામ કરવાં.

સ૦—ભલા વિચાર, ભલા સખુન, અને ભલાં કામને અવસ્તામાં શું કહેછે ?

જ૦—ભલા વિચારને **હુમત**, ભલી વાણીને **હુખ્ત** અને ભલી કરણીને **હ્વર્શ્ત** કહેછે.[1] એ ત્રણ ફરમાનોપર જરથોશ્તી નીતિ ધર્મનો પાયો રચાયલોછે.

સ૦—એ ત્રણ ફરમાનોની મતલબ શી છે ?

જ૦—સર્વને માટે ભલું ઇચ્છવું, સાચું બોલવું, અને સર્વ માણસજાતનું ભલું કરવું.

સ૦—ઉપલાં ત્રણ ફરમાનોથી ઉલટું આપણે શું શું નહિ કરવું જોઇએ ?

જ૦—બુરો વિચાર નહિ કરવો, બુરી વાણી નહિ બોલવી, અને બુરાં કામથી દુર રહેવું.

સ૦—અવસ્તામાં બુરા વિચાર, બુરી વાણી, અને બુરી કરણીને શું કહે છે ?

જ૦—બુરા વિચારને દુશ્મત, બુરી વાણીને દુઝુખ્ત, અને બુરાં કામને દુઝવર્શ્ત કહેછે.

સ૦—બુરો વિચાર નહિ કરવો એટલે શું ?

જ૦—કોઇનું નુકશાન કરવાનો વિચાર કરવો નહિ. મગરૂબી રાખવી નહિ, મનમાં ગુસ્સો લાવવો નહિ, અદેખાઇ તથા લોભ, લાલચ કરવી નહિ, કિનો, કપટ રાખવું નહિ ઇત્યાદિ.

---

૧ ઇજશને, વંદીદાદ, ઇ૦

સ૦—બુરી વાણી કાઢવી નહિ એટલે શું ?

જ૦—જાુઠું બોલવું નહિ, કસમ લેવા નહિ, ચુગલી કરવી નહિ, ગાળગલોચ કરવી નહિ ઇ૦.

સ૦—બુરાં કામો નહિ કરવાં એટલે શું ?

જ૦—વખત વ્યર્થ ગુજારવો નહિ, તનદરોસ્તી બગાડવી નહિ, કોઇને કાંઇ નુકશાન કરવું નહિ ઇ૦.

સ૦—બુરા વિચાર, બુરી વાણી, અને બુરી કરણી રાખેછે તેની શી વલે થાયછે ?

જ૦—બુરાં માણસો હમેશાં દુઃખી રહેછે, તેઓપર ખુદા ગુસ્સે થાયછે અને મરણ પછી તેઓને ભારે સજા ખમવી પડેછે.

[illegible]

[illegible]

[illegible]

વીસ્પ દુશ્મત વીસ્પ દુઝૂખ્ત વીસ્પ દુઝવર્સ્ત અચિસ્તેમ અઙ્હુઇમ્ અશાએત.[1]

અર્થ.

તમામ બુરા વિચાર, તમામ બુરા સખુન, તમામ બુરાં કામ અતિ દુઃખની જીંદગી આપેછે. (યાને દોજખમાં લઇ જાયછે)

સવાલ—બુરાઓને દુઃખ ખમવું પડેછે માટે આપણે શાથી દુર રહેવું જોઇએ ?

---

૧ વીસ્પ દુમત.

જવાબ—બુરા વિચાર, બુરી વાણી, અને બુરાં કામોથી હમેશાં દુર રહેવું.

[illegible]

પઈતિ રિચ્યા દઈથે વીસ્પા દુસ્મતાચા દુજ્ઊખ્તાચા દુજ્વર્શ્તાચા.[૧]

અર્થ.

સઘળા બુરા વિચારો, બુરા સખુનો અને બુરાં કામોને હું ધિક્કારૂં છું.

સવાલ—જરથોસ્તી ધર્મનાં ત્રણ ફરમાનો પ્રમાણે ચાલવાથી શું ફાયદો થાયછે?

જવાબ—જરથોસ્તી ધર્મનાં ફરમાન પ્રમાણે ચાલવાથી આવતી દુનિઆમાં ખરૂં સુખ મળેછે.

[illegible]

વીસ્પ હુમત વીસ્પ હૂખ્ત વીસ્પ હ્વર્શ્ત વહિસ્તેમ અંઘુહઈમ અશઓત.[૨]

---

૧ ઈજશને હા ૧૧ ક૦ ૧૭. ૨ દોવા વીસ્પ હુમત.

અર્થ.

તમામ નેક વિચારો, તમામ નેક સખુનો, અને તમામ નેક કામો. (આવતી દુનિઆમાં) ઘણી સુખી જીંદગી આપેછે (યાને બેહેસ્તમાં લઇ જાયછે.)

દોહરો.

ફરો નહિ ફરમાનથી, અનુસરિ ચાલો આપ,
જેથી અહિં, પરલોકમાં, મળશે સૂખ અમાપ.

પાઠ ૧૩ મો.

હુમત અથવા નેક મનશની.

𐬫𐬁𐬥𐬌𐬨 . 𐬨𐬀𐬥𐬋 . 𐬫𐬁𐬥𐬌𐬨 . 𐬬𐬀𐬗𐬋 . 𐬫𐬁𐬥𐬌𐬨
𐬱𐬌𐬌𐬀𐬊𐬚𐬥𐬆𐬨 . 𐬀𐬴𐬀𐬊𐬥𐬋 . 𐬰𐬀𐬭𐬀𐬚𐬎𐬱𐬙𐬭𐬀𐬵𐬆 .

યાનીમ્ મનો યાનીમ વચો યાનીમ્ શ્કયઓથ્નેમ્ અશઓનો જરથુસ્ત્રહે.[1]

અર્થ.

અશો જરથોસ્તનું ભલું મન, ભલાં વચન, અને ભલાં કામ (હતાં.)

આપણે ખુદાને જોઇ શકતા નથી પણ જે આપણે કરીએ છીએ તે બધું તે જુએછે. વળી આપણાં મનમાં જે જે

---

૧ ઇજશને હા ૨૮ ફ૦ ૧.

વિચાર કરીએ છીએ તે પણ તે જાણે છે. તેથી જો મનમાં બુરા વિચાર કરીએ તો તે નારાજી થાયછે. માટે હમેશાં રૂડા વિચાર કરતા રહેવું.

આપણાં માબાપ અને શિક્ષક આપણા મુરબ્બીછે એમ વિચારવું. આપણા કરતાં જેઓના હાલત ખરાબ હોય તેઓને હલકા ગણવાનો અથવા હીણવાનો વિચાર મનમાં કદી લાવવો નહિ. કોઇની અદેખાઇ કરવી નહિ કારણ કે અદેખાઈ કરવાથી આપણે ઘાતકી થઇએ છીએ. મનમાં ભુંડા વિચાર ઉત્પન્ન થાય તેને દાબી દેવા. વેહેમ મનમાં રાખવો નહિ. કોઇને ઠગવાનો વિચાર કરવો નહિ. પારકો માલ લેવાની ઇચ્છા રાખવી નહિ. મૂંગાં અને નિરદોશ જનાવર પર માયા રાખવી. ટુંકમાં સર્વનું ભલું થાય એવા વિચારો મનમાં બાંધવા. મા બાપ, ભાઇબેન, સગાં વહાલાં ઇત્યાદિ સુખી રહે એવું મનમાં ચહાવું.

ઉપર જણાવેલા ભલા વિચાર કરવાથી આપણું મન શાંત રહેછે અને આપણને કાંઇ પણ ધાસ્તી રહેતી નથી. વળી સર્વનું ભલુ ચહાવાથી જીવ આનંદમાં રહેછે. અને સર્વનો સાહેબ જે ખુદા તે રાજી થાયછે. પણ જો મનમાં ભુંડા વિચાર રાખીએ તથા દીલમાં કપટ, અદેખાઇ, ગુસ્સો ઇત્યાદિ ઉત્પન્ન કરીએ તો મન દુખી તથા તનદરેસ્તીમાં બિગાડો થાયછે. તેટલા માટે આપણા પોતાના તેમજ સર્વ માણસના સુખને માટે ભલા વિચાર મનમાં કરવા. કોઇ સારી સલાહ આપે તે મનમાં ઠસાવવી. સર્વનું ભલું ઇચ્છવું. કોઇનું ભુંડું ચહાવું નહિ. એ પ્રમાણે વિચાર કરવાની ટેવ પાડશું તો આપણાથી ભલાં કામો પણ સેહેલથી થશે.

દોહરો.

બદ ગુસ્સો બણ ના કરે, એવા કરો વિચાર,
એ પેહેલા ફરમાનનો, સમજ લેવો સાર

પાઠ ૧૪ મો.

હુખ્ત અને નેક ગવશની.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

મા પ્રયાંમ્ વહિશ્તનામ્ અઇવિઘ્યો બુયત હુમતહેચ મનઙ્હો હુખ્તહેચ વચઙ્હો હ્વર્શ્તહેચ શ્કયઓથ્નહે.[૧]

અર્થ.

સઉથી સરસ ત્રણ ચીજ, સારો વિચારેલો વિચાર, સારૂં કહેલું વચન, અને સારૂં કીધેલું કામ, ધિક્કાર માં પામતાં.

મોંમાંથી રૂડા સુખુન કહાડવાને અને સાચું બોલવાને નેક ગવશની કહેછે. નેક ગવશનીમાં સચ્ચાઈ મુખ્ય ચીજ છે. જેબી કાંઈ બોલીએ તેમાં સાચ્ચા શિવાય બીજું કાંઇએ બોલવું નહિ. જરથોશ્તી ધર્મના હુખ્ત અથવા નેક ગવશનીનાં

---

૧ વંદીદાદ ૧૮ ફ૦ ૧૭.

ફરમાન પ્રમાણે ચાલવા માટે આ નિચલી શિખામણ કદી ભુલવી નહિ.

ખુદાની શકિત ગાવી. માબાપ અને ઉસ્તાદનો પ્યારથી ઉપકાર માનવો. ભાઈ બેહેનો, સગાં સંબંધીઓ અને પાડ પાડોશીઓ સાથે મીઠાશથી વાત કરવી. ખુદા અને પેગમ્બર વિરૂદ્ધ કાંઈ કહેવું નહિ. જેઓ વિદ્યામાં અથવા કોઈ બીજી રીતે આપણાથી ઉતરતા હોય તેઓને તુચ્છકારના શબ્દો કહેવા નહિ પણ આપણે સઘળાં એક ખુદાના બચ્ચાં છીએ એમ જાણી સર્વ સાથે ભાઈ બેહેનોની માફક વાત કરવી. અને હમેશાં સાચુંજ બોલવું. આ પ્રમાણે મોઢેથી ભલા, મીઠા, અને સાચા વચનો નિકળવાથી આપણે પોતે રાજી થઈએ છીએ તથા બીજાને રાજી કરીએ છીએ. આપણે ભલાં છોકરાં છીએ એમ સર્વ લોક સમજીને તેઓ આપણાં વખાણ કરેછે તથા માન આપેછે અને આપણી સામે ભુંડું બોલવાની હિમ્મત કોઈ કરી શકતું નથી. જે છોકરાં પ્યારનાં મીઠાં વચન બોલવાની ટેવ પાડશે અને સર્વ વાતમાં સાચુંજ બોલશે તેઓની લોકમાં ભારે વાહવાહ થશે અને તેઓ જરૂર સુખી થશે.

દોહરો.

સાચા સુકનો બોલતાં, ભય નહિ ઉપજે ભાઈ,
દીલગમતી દાદારને, કુદરતમાં સાચાઈ.

પાઠ ૧૫ મો.

હુવર્શ્તે અથવા નેક કુનશની.

[illegible]

વેરેજ્યતાંમ્ચ ઇધ વોહુ વાસ્ત્ર.[1]

અર્થ.

અહિંઆ (આ દુનિઆમાં) ભલો ઉદ્યોગ (લોકો) કરે.

જરથોશ્તી ધર્મના ત્રણ ફરમાનોમાં હુવર્શ્તે અથવા નેક કુનશનીનું ફરમાન સર્વોત્તમ છે. નેક કામ કરવાને નેક કુનશની કહેછે. મનમાં ભલા વિચાર કરવા અને કામ ખોટું કરવું તો તે ભલા વિચાર શા કામના ? મોંમાંથી રૂડા બોલ બોલવા અને કામ ભુંડાં કરવાં તો તે બોલો જૂઠા સમજવા. માટે નેક વીચાર અને નેક વાણી સાથે નેક કામો કરીએ તોજ ધર્મી કહેવાઇએ.

નેક કુનશનીનું ફરમાન પાળવા માટે માબાપ અને શિક્ષક કહે તે પ્રમાણે ચાલવું. ભાઇ બેહેન તરફ હેત વધારવું. નિશાળનાં છોકરાંઓ સાથે સંપીને રહેવું. આંધળાં, લુલાં, લંગડાં અને લાચાર ભીખારીઓને આપણાથી બને તેવી મદદ કરવી. માબાપ, શિક્ષક, ભાઇબેન, સગાંવહાલાં અને પાડ પાડોશીનાં કામમાં સહાય થવું. મૂંગાં ગરીબ જીવજંતુઓને હેરાન કરવાં નહિ. કોઇપર હાથ ઉચકવો નહિ. આળસાઇમાં વખત ગુમાવવો નહિ. પણ ભલા ઉદ્યોગમાં ગુથાયલા રહેવું કે

૧ વીસપ૦ ક૦ ૧૫ ફ૦ ૧.

જેથી બુરાં કામો કરવાનું સુજ પડે નહિ. પારકો માલ લેવો નહિ. કોઇને આપેલું વચન તોડવું નહિ. દુશ્મનો હોય તેઓને મિત્ર કરવા અને તે માટે સૌથી સરસ ઉપાય એ છે કે તેઓનું ભલું કરવાની કોશેશ કરવી. તેઓએ આપણને દુઃખ દીધું હોય તો તે માફ કરવું અને ભુલી જવું પણ પાછું દુઃખ દેવું નહિ. આ વાત સર્વ બાળકોએ યાદ રાખવી કે કોઇનું બુંરૂં કરવાથી આપણું ભલું થવાનું નથી.

ઉપર જણાવેલાં તથા તેવાંજ બીજાં સર્વ ભલાં કામને નેક કુનશની કહેછે. નેક કુનશની પ્રમાણે ચાલવું એ આપણો ધર્મ છે. જો તેમ નહિ ચાલીએ તો આપણે ખરા જરથોસ્તી નહિ. આપણાં નેક કામોથી આપણાં માબાપને ખુશાલી અને સંતોષ ઉપજેછે. ખુદા ખુશી થાયછે અને તે સાહેબ આપણને લાંબી જીંદગી અને ઘણું સુખ બખશે છે.

દોહરો.

આ દુનિઆમાં આપણે, કરવાં એવાં કામ,
સંભારે પાછળ સહુ, રહે અમર અહિં નામ.

પાઠ ૧૬ મો.

જરથોશ્તી ધર્મમાં દાખલ થવાની ક્રિયા.

[illegible]
[illegible]
[illegible]

વઙહિૢમ ક્રાદત્-ગએથાંમ્ વરેદત્-ગએથાંમ્ સવો-ગએથાંમ્ યાંમ્ દએનાંમ્ માજ્દયસ્નીમ્ યજ્મઇદે.[1]

અર્થ.

દુનિઆને વધારનારી, આબાદ કરનારી, ફાએદો કરનારી, જે ભલી **મજ્દયશ્ની દીન** છે તેની હમો સ્તુતિ કરીએ છીએ.

જરથોશ્તી ધર્મની ખુબી આપણે જાણી છે અને તેનાં ફરમાનો શિખ્યા છીએ. તે ખુબી ઘણી ધ્યાન પોહોંચાડવા જોગ તથા તે ફરમાનો ઘણા ઉત્તમ છે માટે દરેક બાળકે એ ધર્મ પ્રમાણે ચાલવું જોઇએ.

જે બાળકને **જરથોશ્તી ધર્મ**માં દાખલ કરેછે તેને માટે ચોકસ ક્રિયા કરવામાં આવેછે. એ ક્રિયાને સુદ્રા કુશ્તીની ક્રિયા કહેછે. એ ક્રિયા એક જરથોશ્તી ધર્મગુરૂ કરેછે. એ ક્રિયા કીધાની આગમજ બાળકને ધર્મગુરૂ ન્હાન નહવડાવેછે, એઆને તેના બદનને ચોખ્ખું સોજ્જું અને સાફ કરાવેછે. પછી તે બાળકને એક પેહેરણ પેહેરાવેછે જેને સુદ્રો કહેછે. સુદ્રા ઉપર તે બાળકની કમરની આસપાસ એક કમરબંધ અથવા કુશ્તી બંધાવેછે. બાળક કુશ્તી બાંધતું હોય તે વખ્તે તેની પાસે એક ન્હાની બંદગી પઢાવેછે, જે પછી તે બાળક **જરથોશ્તી મજહબમાં** દાખલ થએલું ગણાયછે, અને તે વખતથી તે બાળકપર **જરથોશ્તી મજ્દયશ્ની** ધર્મ પ્રમાણે ચાલવાની ફરજ આવી પડેછે. ઉપલી ક્રિયા પુરી કીધાની આગમજ તે બાળકને નિચલા કલામો પઢાવેછે:—

---

૧ વિસ્પ૦ ક૦ ૭, ક૦ ૨.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

મજ્દયસ્નો અહ્મી મજ્દયસ્નો જરથુશ્ત્રિશ ફ્રવરાને આસ્તૂતસ્ચા ફ્રવરેતસ્ચા આસ્તુયે હુમતેમ્ મનો આસ્તુયે હૂખ્તેમ્ વચો આસ્તુયે હ્વર્શ્તેમ્ ષ્કયઓથ્નેમ્ આસ્તુયે દએનાંમ્ વંઘુહીમ્ માજ્દયસ્નીમ્ ફ્રસ્પાયઓ ખેધ્રાંમ્ નિધા—સ્નઇથિષેમ્ ખ્વએત્વદથાંમ્ અષઓનીમ યા હાઇતિ નાંમ્ચા બૂષ્યેઇન્તિનાંમ્ચા મજિશ્તાચા વહિશ્તાચા સ્રએશ્તાચા યા આહૂઇરિશ જરથુશ્ત્રિશ અહુરાઇ મજ્દાઇ

વીસ્પા વોહૂ ચિનહ્મી અએષા અસ્તૂ દએનયાઓ માઝ્દ-
યસ્નોઇશ આસ્તૂઇતિશ.[૧]

અર્થ.

હું એક મહાદાતાની (ખુદા) ને માનનારછું. હું એકરાર કરૂંછું કે હું **જરથોશ્તી મજ્દયસ્નની** ધર્મ પ્રમાણે ચાલનાર, એ ધર્મને ખરો માનનાર અને તે પર એકીન રાખનાર છું. નેક વિચાર, નેક વાણી અને નેક કરણીને હું વખાણુંછું. ભલો **મજ્દયસ્નની ધર્મ** જે કજીઓ દુર કરાવનાર, મારામારીના હથીઆરો છોડવનાર, મિત્રાચારી વધારનાર, તથા સાચોછે તેનાં હું વખાણ કરૂંછું. એ **ખુદાઈ જરથોશ્તી દીન સર્વ ધર્મમાં સર્વોતમછે** અને સઘળી વસ્તુ જે હું ભોગવુંછું તેનો આપનાર **દાદાર અહોરમજ્દ**છે. આએ **મજ્દયસ્નની દીન**નો એકરારછે.

ઉપલા કલામોમાં સદ્રો પેહેરનાર બાળક એકરાર કરેછે કે 'હું **જરથોશ્તી મજ્દયસ્નની** ધર્મ પ્રમાણે ચાલનારછું.' એ એકરાર કર્યા પછી દરેક જરથોસ્તી બાળકે એ ધર્મનાં ફરમાનો પ્રમાણે ચાલવું જ જોઇએ. **જરથોશ્તી મજ્દયસ્નની** ધર્મનાં ફરમાનો નેક મનશ્નની, નેક ગવશ્નની, અને નેક કુનશ્નીના પોડામાં આપણે શિખ્યા છીએ. એ ફરમાનો પ્રમાણે જેઓ નહિ ચાલે તેઓ ખરા **જરથોશ્તીઓ** કેમ ગણાય ?

દોહરો.

સદ્રો જે પેહેરો તમે, જોહેલું ગિરેહબાન,
ઉતમ ચાલની યાદનું એ નક્કી નીશાન.

---

૧ ઈજેશને હા ૧૨ ક૦ ૮ ને ૯.

પાઠ ૧૭ મો.

સદ્રો અને કુશ્તિ.

[illegible]

[illegible]

સ્પએત દએનયાઓ માઝ્દયસ્નોઇશ ઉપમનેમ.[1]

અર્થ.

સફેદી **મઝ્દયશ્નની દીન**ની ઉપમાંછે.

'સદ્રો' બોલ અવસ્તાના "વસ્ત્ર" બોલપરથી નિકલેલોછે. વસ્ત્રનો અર્થ પેહેરણ થાયછે. સદ્રા ઉપર ગિરેહબાન નામનું એક નાનું કપડું શિવેલું હોયછે. ગીરેહબાનનો અસલ અર્થ **ગલાનું ઢાકણ** અથવા **રક્ષણ કરનારછે.** એ ગીરેહબાનને જરથોશ્તી ધર્મપર એકીન અને તાબેદારીની નીશાની તરીકે હાલ ગણવામાં આવેછે.

સદ્રા ઉપર જે કુશ્તી અથવા કંમરબંધ બાંધવામાં આવેછે તે સફેદ ઉનના બોતેર તારની બનેલી હોયછે. એ ઉન મેંઢાનું હોયછે. કુશ્તીની મતલબ એ છે કે દરેક જરથોશ્તીએ નિર્દોષ રહીને સારાં કામો કરવા માટે કમર બાંધવી. ઇજશ્ને નામની જરથોશ્તી ધર્મની એક નામીચી કેતાબછે અને તેનાં બોતેર પ્રકરણ અથવા ભાગછે. તે ભાગોની કુશ્તીના બોતેર તાર આપણને હંમેશ યાદ આપેછે. તે બોતેર ભાગોમાં ધર્મ નીતિ તથા બીજી બાબતોને લગતી ઘણીએક જાણવાજોગ બીના આવેલીછે તે હવે પછી સમજાવવામાં આવશે.

---

[1] મેહેર યશ્ત ક૦ ૧૨૬.

કુશ્તીનો અર્થ હદની બહાર નહિ જવાનો થાયછે, ઇઆને **જરથોશ્તી ધર્મે** જે ભલો માર્ગ આપણને બતાવ્યોછે તે માર્ગથી બાહાર જવું નહિ. કુશ્તીના ત્રણ આંટા ધર્મના ત્રણ મુખ્ય ફરમાનો બતાવેછે. ત્રણ આંટાથી કુશ્તા બાંધવાની મતલબ એ છે કે નેક વિચાર, નેક વાણી અને નેક કામની હદમાં રહેવું અને એ ફરમાનો છોડીને બુરા વિચાર, બુરી વાણી અને બુરાં કામ તરફ જવુ નહિ.

કુશ્તીની ચાર ગાંઠ વાળતી વખતે એક જરથોશ્તી પોતાના મનમાં ચાર મુખ્ય વિચાર લાવેછે. પહેલી ગાંઠ વાળતાં **ખુદા એકજછે એનો કોઈ શરીક નથી.** બીજી ગાંઠ વાળતાં **મજદયસ્નની દીન ખરીછે.** ત્રીજી ગાંઠ વાળતાં **મજદયસ્નની દીનનો પેગમ્બર જરથોશ્તછે.** ચોથી ગાંઠ વાળતાં **નેકી કરૂં અને બદી તજું.** એ ચાર બાબદોનો વિચાર એક જરથોશ્તી કુશ્તીના ચાર ગાંઠ વાળતી વખતે લાવેછે.

દો હ રો.

ચાર ગાંઠ જે કુસ્તિની, તેમાં ચાર વિચાર;
મઝબ તણા સહુ મરમનો. સમજાવેછે સાર.

પાઠ ૧૮ મો.

જૂઠું બોલનાર ઘણો બુરો છે.

[illegible]
[illegible]

યાનેમ્ . જઇધ્યેમિ . યથ .. ક્શ્તાને જ.મા પઇતિ . દ્રુજેમ્-વનો.[1]

અર્થ.

હું માગુંછું તે બક્ષેશ કે જેથી આ જમીન ઉપર (દુનિઆમાં) જૂઠાઇને મારતો રહું.

જૂઠું જેવું ખરાબ બીજું કાંઇએ નથી. જે છોકરૂં જુઠું તે બધીવાતે ભુંડું હોયછે વાસ્તે જુઠાં છોકરાંથી હમેશાં દુર રહેજો.

કેટલાંક છોકરાં કાંઈ ચીજ વિષે પોતે જાણે નહિ તે છતાં તે પોતે જોઈ હોય અથવા તે વિષે જાતે સાંભળ્યું હોય તેમ તે ખાતરીથી કહેછે. વળી ઘણાંક છોકરાંને કાંઈ વાત વધારીને કહેવાની ટેવ હોયછે. એવાં સર્વ છોકરાંને જુઠાં સમજવાં.

બીકણ અને હીચકારાં છોકરાં જુઠાં હોયછે પણ જેઓ હમેશાં સાચું બોલેછે તેઓ ખરા હિમ્મતવાન છે. જુઠું છોકરૂં હમેશાં ગભરાઈ જાયછે. પણ સાચું બોલનારના દીલમાં કંઈ ધાસ્તી રહેતી નથી. આપણાથી કંઈ વાંક થયો હોય અને સાચું બોલવાથી આપણને સજા થાએ તોએ જુઠું બોલી હીચકારા બનવું નહિ. વળી આપણાથી કોઈ વખત જો ખોટું બોલાયું હોય તો હિમ્મત ધરીને આપણી ભૂલ તરતજ કબુલ કરવી, અને સાચી વાત કહી દેવી, કારણકે

---

[1] ઇજશને હા ૯ ક૦ ૨૦.

જુઠું ઘણો વખત છુપું રહી શકતું નથી. તે છેવટે માલમ પડી આવેછે અને જુઠું બોલનારની પુરી ફજેતી થાયછે. સર્વે છોકરાઓએ યાદ રાખવું કે એક વખત કોઈ છોકરૂં જુઠું બોલતાં પકડાયું કે ફરીથી તેની વાતપર કોઇને ભરોસો આવતો નથી, માટે મશ્કરીમાં અથવા રમતમાં પણ ખોટું બોલવું નહિ. આપણી દીનમાં જુઠાને ઘણોજ ધિક્કારેલોછે.

[illegible]
[illegible]

દ્રુઓગો-વાખ્ત્ દ્રુઓજિશ્ત અપદ્રત.[1]

અર્થ.

અએ જુઠા સખુન બોલનારા ઘણાજ જુઠા! (તમો) નાબુદ થાઓ.

જરથોસ્તી ધર્મમાં દાખલ થતી વખતે સાચું બોલવાનું અને જુઠાને ધિક્કારવાનું આપણે વચન આપીએ છીએ, માટે જેઓ જુઠું બોલેછે તેઓના સદ્રો કુશ્તિ નકામોછે એમ જાણવું અને તેઓને બુરામાં બુરા દેવો (ખરાબ માણસો) ગણવા. જુઠાં છોકરાં પોતાના મા બાપના, ભાઈ બહેનના, અને સગાંવહાલાંના દુશ્મન જેવાછે. જુઠાં છોકરાંને ભારે સજા કરવામાં કાંઇ ખોટું નથી. ખુદાને સર્વ ચીજની ખબર હોયછે તેથી તે જુઠાની વાત તરતજ જાણેછે અને તેનાંપર તે ગુસ્સે થાયછે, માટે જુઠાંથી હમેશાં દુર રહેજો.

દોહરો.

જુઠા જનને જાણવો, દુનિઆનો દુશ્મંન,
પડછાયો તે પાપીનો, તજજો તમે તદંન.

---

1 અરદીબેહેશ્ત ૫૪ ૯.

પાઠ ૧૯ મો.

સચ્ચાઈ સર્વોત્તમ સદગુણ છે.

[illegible]

અષેમ્ વોહૂ વહિશ્તેમ્ અસ્તિ.[1]

અર્થ.

સચ્ચાઇ સર્વોત્તમ સદગુણ છે.

સચ્ચાઈ સર્વ ગુણોમાં ઉત્તમ ગણાયછે. જે છોકરું સાચું હોયછે તે કદી ઠગાઈ અથવા લુચ્ચાઈ કરતું નથી. આપણા મા બાપ, શિક્ષક અને સર્વ લોક આપણે સાચુ બોલનાર છીએ એમ જાણે ત્યારે આપણી વાતપર તેઓ પુરતો ભરોસો રાખેછે. અને જે વાત આપણી હજુરમાં બની હોય તે આપણને પુછીને તેઓ માનેછે. જૂઠાં છોકરાંની સાચી વાત પણ કોઈ માનતું નથી. સાચું બોલનારનો કોઈ વખત વાંક પડેછે તો તેના માબાપ અથવા શિક્ષક તેને માફ કરેછે. સાચું બોલવાથી આપણું દીલ કેવું નિર્દોષ અને રાજી રહેછે !

આપણા ઇરાની વડાવાઓ જૂઠા માણસને અત્યંત ધિકારતા હતા અને આખા ગામમાં તેની ફજેતી કરતા હતા. જેમ એક ખુનીને જોઇને આપણને કમકમાટ અને ધિક્કાર ઉપજેછે તેમ ઇરાન દેશના આપણા વડાવાઓને જુઠા માણસપર ઉપજતો હતો. સાચા શિવાય તેઓ પાસે બીજી કંઈ વાતજ નહિ હતી. રખેને જુઠું બોલવું પડે માટે ગરજની વખતે પણ કરજ કરતા ન હોતા. કારણ કે કરજ કરનારને વારે ઘડીએ જુઠા વાયદા કરવા પડેછે.

---

૧ ઇજશને હા ૨૭ ફ૦ ૧૪.

જે છોકરાં લખવા ભણવામાં જોઇએ તેવા હોશીઆર હોએ તથા ઉદ્યોગ કરી ઘણીએક વીદ્યા હુનરમાં ઉંચું જ્ઞાન મેળવે તોપણ જો તેઓ સાચું બોલનારા નહી હોએતો તે છોકરાંઓની બીજી બધી કેળવણીપર ધુળ પડી સમજવું. તેઓના બીજા સઘળા ગુણો સાથ સચ્ચાઇનો સર્વોતમ સદ્ગુણ તેઓમાં સમાએલો નહી હોએતો તેઓનું જીવતરજ બળયું. આગળા દરાનીઓ ઉપર અત્યંત દુઃખ પડતું, ઘરબાર લુટાઇ જતાં તોપણ સચ્ચાઇ છોડી કદી પણ જૂઠું બોલતા નહિ હતા. તેજ પ્રમાણે આપણીપર ગમે તેવાં દુઃખ પડે અથવા આપણને કાંઇ નુકશાન થાય તોપણ તેઓની માફક આપણે હમેશાં સચ્ચાઇનેજ વળગી રહેવું અને જૂઠું બોલી અતી પાપી થવું નહિ. ગમે તે થાઓ પણ સચ્ચાઈ કદી છોડવી નહિ. સાચ્ચી, સાચ્ચી, અને સાચ્ચીજ વાત જણાવવી; મનમાં ઠરાવ કરી રાખવો કે જીવ જાય તોપણ જૂઠું તો બોલવુંજ નહિ. સાચ્ચાને પહેલાં કદાચ દુઃખથી ખમવું પડેછે પણ પાછળથી તે સુખી થાયછે તેથી સચ્ચાઇને માટે લડતાં રહેવું.

જે કાંઈ નજરે દીઠું હોય અથવા કાને સાંભળ્યું હોય તે જેવું હોય તેવું કહેવું. તેમાં કાંઇ પણ વધારો કે ઘટાડો કરવો નહિ. આપણી પોતાની વાત અથવા કોઈ બીજાની વાત કોઇને કહેતી વખતે સંભાળથી અને ધીમેથી વધઘટ કર્યા વગર જેવી હોય તેવી જણાવવી.

આપણા વડાવાઓ જાઠું બોલવા કરતાં મરવું ભલું સમજતા હતા. જો એ પ્રમાણે આપણેબી ચાલીએ તો આપણી અને આપણા માબાપની જગતમાં કીર્તિ ગવાશે, ખુદા ખુશી થશે અને આપણને સુખ બખશશે. સચ્ચાઇને માટે આ નીચલી નસિહત હમેશાં યાદ રાખજો.

[illegible]

[illegible]

અષવ બવાહિ યથ જરથુસ્ત્રો સ્પિતામો.[1]

અર્થ.

સપેતમાન જરથોસ્તના જેવો સાચ્ચો થજે.

દોહરો.

સાચ્ચે સાચ્ચું બોલવું, સાચામાં સરસાઇ;
જીવ જતે સચ્ચાઇને, નહી છોડવી ભાઇ.

પાઠ ૨૦ મો.

તનદરોસ્તી જાલવવાનાં સાધનો.
શરીરની સ્વચ્છતા—ભાગ ૧ લો.

[illegible]

[illegible]

બિતીમ્ પાનેમ્. જદ્યેમિ. કૃતાતેમ્ અહ-હાઓસે તન્વો.[2]

અર્થ.

બીજી બક્ષેસ એ માગું છું કે આ તનની દરોસ્તી (તનદરોસ્તી.)

---

૧ આફ્રીને જરથોસ્ત. ક૦ ૪.
૨ ઇજ૦ હા ૯ ક૦ ૧૯.

આપણા પોતાના સુખને માટે તનદુરસ્તીની જરૂરછે જેઓને તનદુરસ્તી હોયછે તેઓ ઘણા વર્ષ જીવી શકેછે તેટલા માટે આપણી તનદુરસ્તી જાળવવા બને તેટલા ઉપાય લેવા જોઇએ.

તનદુરસ્તી જાળવવાનો એક ઉપાય એ છે કે શરીરને સ્વચ્છ રાખવું. જે લોકો પોતાના શરીરને સાફ રાખતા નથી તેઓ અજ્ઞાન અને હલકા લોક ગણાયછે. અને જે દેશ સુધરેલો હોયછે તે દેશના રહેવાસીઓ પોતાના શરીરની ઘણી સંભાળ રાખેછે.

જરથોસ્તી ધર્મમાં શરીરને સાફ રાખવાની ઘણી તાકીદ કીધીછે. જરા પણ નજીસાતને અડકનારને સખ્ત સજા કરવા ફરમાવ્યું છે. આપણા ધર્મ પુસ્તકના એક ભાગમાં[૧] શરીરની સપાટીના ત્રીસ કરતાં વધારે ભાગ કર્યાછે. એ સઘળા ભાગને ધોઈ હમેશાં સાફ રાખવા જણાવ્યુંછે. માટે કાંઇપણ નજીસાત આંગપર રહેવા દેવી નહિ. દરરોજ આપણને શરીરમાંથી થોડો ઘણો પરસેવો નિકળેછે તથા શરીરના ઉઘાડા ભાગપર ધુળ વગેરે બીજી મેલી ચીજો વારેઘડીએ લાગેછે. માટે એ મેલ ધોઈ નહિ નાખીએતો તનદુરસ્તી બગડેછે.

શરીરની સ્વચ્છતા માટે દરરોજ સવારના હાથ, મોં ધોવું, દાંત ઘસીને સાફ કરવા, કોગળા કરી મોઢાની નજીસાત ધોઇ નાખવી, આંગ ચોળીને નહાવું, અને મેલી ચીજ આંગને લાગવા દેવી નહિ.

કેટલાંક છોકરાં એટલાંતો ગંદાં હોયછે કે મેલી અને ગંદી ચીજ સાથે ચેડાં કહાડેછે, અને પોતાના શરીરનો બીગાડ કરેછે. ગંદું છોકરૂં મોંમાં અને નાકમાં આંગલી ઘાલી

---

૧ વંદીદાદ પરગરદ ૮.

હાથ ખરાબ કરેછે અને પછી તે ધોતું નથી, ઉઘાડે પગે ચાલી પોતાના પગ મેલા કરેછે પછી તે પગને હાથ લગાડેછે એટલે હાથ પણ ગંદા થાયછે અને તે હાથ શરીરના બીજા ભાગને લાગવાથી શરીરની ચામડી બીગડેછે. એવાં ગંદા છોકરાંની સંગત કરશો ના.

પાઠ ૨૧ મો.

તનદરોસ્તી જાલવવાનાં સાધનો.

શરીરની સ્વચ્છતા—ભાગ ૨ જો.

𐬀𐬵𐬨𐬁𐬌. 𐬙𐬀𐬥𐬎𐬎𐬋. 𐬛𐬭𐬎𐬎𐬀𐬙𐬁𐬙𐬆𐬨.

અહ્માઇ તન્વો દૃતાતેમ્.[१]

અર્થ.

તેનાં તનને દરોસ્તી (તેને તનદરોસ્તી હોજો.)

કોઇનું મોં એવું વાસમારતું હોયછે કે તેનું કરડેલું ખાધાથી અથવા તેની લબ લાગેલા વાસણમાંથી પીધાથી આપણું મોં બીગડેછે અને બીજાનો રોગ આપણાં તનમાં પેસેછે. મોંમાં લીધેલી ચીજ સ્વચ્છ રહેતી નથી તેથી તેને અજીઠી કહીએ છીએ માટે અજીઠી ચીજ આપણે કદી લેવી નહિ.

આપણાં હાથ પગ તથા મોઢું ઘણુંકરીને ખુલ્લું રહેછે અને બાકીનું બદન વસ્ત્રથી ઢંકાયલું રહેછે તેથી હાથ પગ તથા મોંઢાને વારે ઘડીએ ધોઇને સાફ રાખવાની ઘણી જરૂરછે.

---

૧ ઈજેશ હા ૬૮ ક૦ ૧૧.

જાએજરૂરની જગામાં, નજીસાતના છાંટા અને હવા સાથ મેલાયલી નુકસાનકારક રજકણો બદનના ઉઘાડા ભાગને લાગેછે વાસ્તે હાજતે જઈ આવ્યા પછી હાથ, પગ, તથા મોઢું ધોવાનો આપણામાં જે રીવાજછે તે ઘણો સારોછે. એ રીવાજને **પાદીઆબ** કહેછે. પાદીઆબ કરતી વખતે મોઢું બંધ રાખવું, નહિતો મોઢું ધોતાં મેલું પાણી મોંમાં જાય, અને આપણી તનદરોસ્તી બગડે. મોઢું બંધ કરવા પછી ત્રણ વખત હાથ મોઢું તથા પગ ધોઈએ છીએ. જેથી જરા પણ મેલ અથવા નજીસાત શરીરના એ ઉઘાડા ભાગોને વળગી રહેતો નથી. એ સઘળા કારણોને લીધે પાદીઆબ કરવાની ઉત્તમ ટેવ દરેક જરથોસ્તી બાળકે રાખવી જોઈએ.

શરીરનો કાંઈ પણ ભાગ મેલો અથવા ખરડાયલો રહી ગયાથી શરીરની ચામડી કોહછે, ફોલ્લા થાયછે, લોહી બીગડેછે અને એવી બીજી ઘણી પીડા થાયછે.

વૈદો જણાવેછે કે દહાડામાં વારેઘડીએ મોઢું ધોવાથી આપણી આંખને ઇજા થતી નથી પણ કૌવતમંદ અને સ્વચ્છ રહેછે. એ વાતપરથી પણ જણાવું કે પાદીઆબ કરવાનો રીવાજ આપણા શરીરને ઘણો ફાયદાકારકછે. શરીરના સુખ અને તનદરોસ્તી જેવું ઉત્તમ બીજું શું છે? વાસ્તે શરીર સાફ રાખવાના બીજા ઉપાયો સાથ વખતસર પાદીઆબ કરવાને કદી ભૂલવું નહિ. એમ કીધાથી ખુદાના હુકમ મુજબ આપણે ચાલીએ છીએ અને તેને ખુશી કરીએ છીએ.

દોહરો.

ઉત્તમ પાદીઆબનું, માનોજી ફરમાન;
ફુરગંધીને ટાળવા, પાળો તે પરમાણ.

પાઠ ૨૨ મો.

તનદરોસ્તી જાલવવાનાં સાધનો.
પોશાકની સુઘડાઈ.

𐬵𐬎𐬘𐬌𐬌𐬁𐬌𐬙𐬍𐬨 . 𐬠𐬀𐬉𐬱𐬀𐬰𐬀𐬥𐬄𐬨 . 𐬠𐬀𐬉𐬎𐬎𐬀𐬭𐬆 .
𐬠𐬀𐬉𐬱𐬀𐬰𐬀𐬥𐬄𐬨 .

હુજ્યૈમ બએષજનાંમ્ બએવરે બએષજનાંમ્.[1]

અર્થ.

તનદરોસ્તી આપનારી હજાર ચીજો, તનદરોસ્તી આપનારી દશ હજાર ચીજો (છે).

આગળા પાઠમાં શિખ્યા છીએ કે આપણી તનદરોસ્તી માટે શરીર હમેશાં સ્વચ્છ રાખવું. હવે જો શરીરને ઢાંકનારાં લુગડાં મેલાં હોય તો શરીર સ્વચ્છ કેમ રહે? માટે પોશાકની સુઘડાઇની ઘણી જરૂરછે. આપણા શરીરપર જે કપડું હોય તેને મેળ અથવા નજીસાત લાગવા દેવી નહી.

ખુદાનો હુકમ છે કે દરેક ચીજ સંભાળીને વાપરવી અને નાનામાં નાની અથવા હલકામાં હલકી ચીજ હોય તેને પણ બગાડવી નહિ. માટે જે છોકરૂં કપડાંની સંભાળ ન લે અને તેને જલદીથી મેળાં કરે તે આડી ચાલનું કહેવાય. સુઘડ માણસ તેવાં છોકરાંને પોતાની આગળ ઉભું રાખતું નથી. એક ફુવડ છોકરૂં પોતાને તેમજ બીજાને પીડા થઈ પડેછે. તેનું શરીર રોગી અને ચેહરો નજીસ રહેછે. તેની પાસે ઉભા રહીએ તો તે ગંધ મારેછે.

---

1 ઈજશને હા ૬૮—૩૦ ૧૫.

શરીર અને કપડાં સાફ રાખવા માટે હિંદુસ્થાન જેવા ગરમ દેશમાં હલકાં અને ઢીલાં સુતરાઉ કપડાં પેહેરવાની જરૂર છે, કારણ કે જે દેશમાં ગરમી ઘણી ત્યાં શરીરમાંથી પરસેવો ઘણો નિકળેછે. જ્યાં ઘણો તાપ પડેછે ત્યાં ગરમ અને તંગ કપડું પહેરીએતો અંગ અને વસ્ત્ર બને જલદીથી મેલાં થાયછે માટે તંગ અને ગરમ કપડું ગરમ દેશમાં વાપરવું નહિ.

યાદ રાખવું કે કપડાંની તથા શરીરની સુઘડાઇથી તનદરોસ્તી સાથ મન પણ શાંત રહેછે. સ્વચ્છ રહેવાની જરથોસ્તી ધર્મમાં ઘણીજ તાકીદ કીધીછે અને ફુવડપણાને માટે સખ્ત સજા જણાવીછે તેથી સુઘડાઇથી રહેવાને કદી ચુકવું નહિ.

દોહરો.

તન કપડાં સોજાં સુઘડ, સજનારાં સોહાય ;
મેલાંગંદાં છોકરાં, તેથી સહુ દુર થાય.

પાઠ ૨૩ મો.

શરીરની સવચ્છતા.

ઝંઝોટી—ગજલ.

હરરોજ તન બદનની, સફાઈ રાખીએ,
અહો જો તનદુરસ્તી તો, ચોખાઈ રાખીએ. હરરોજ ટેક.
કપડાં મલીન પેહેરતાં, બદન મેલું થશે;
માટે વિચારી મન ન, મલીનાઈ રાખીએ. હરરોજ૦ ૧
કરો કસર ભલે કદાપિ, ખાનપાનમાં;
કપડાંમાં કશી નાજ, કંજુસાઇ રાખીએ. હરરોજ૦ ૨

સાદા ને સ્વચ્છ પોશાકો, બાળકો સજિયે;
છટેલ છેક થઈ નહી, છેલાઈ રાખીએ. હરરોજ૦ ૩
ફરમાન આ ખુદાનું, બાળકે વિચારવું;
તન મન વચનની તો, પવિત્રાઈ રાખિયે, હરરોજ૦ ૪
મેલાંઘેલાંને પાસ કોઇ, બેસવા ન દે;
માટે સફાઇ સાથ તો, સગાઇ રાખીએ. હરરોજ૦ ૫
કહેછે સર્વ દેશ તેવો, વેશ છાજશે;
હરવખ્ત એજ અંતરે, સચાઇ રાખીએ. હરરોજ૦ ૬

પાઠ ૨૪ મો.

સોબત તેવી અસર.

સાખી.

પીલુ બરવા.

બાળક સરવે, બાળાપણથી, કરજો સંગત સારી,
સોબત સરખી ચાલ અજાણે, થાશે ખચિત તમારી. ૧
ભૂંડાં ને લુચ્ચાની સંગત, કદી ન કરશો કોઈ;
આળસુ, એધા, તરકટિયાંને, તજવાં સઘળે જોઇ. ૨
કારણ તેવા દુર્ગુણ જલદી, સોબત કરતાં આવે;
સારા જનની સંગત કરતાં, ભલા ગુણો સહુ ભાવે. ૩
સોબતથી જે નાનપણામાં, ટેવ અનેક પડેછે;
મોટપણે તે છોડી દેતાં, અડચણ અધિક નડેછે. ૪
જૂઠાં, ઠગ ને ચોર જે બાળક, તેની સંગત છોડો;
સાચાં, સુઘડ, સદા ઉદ્યોગી, સંગત તેમનિ જોડો. ૫
રમતગમતમાં સારી સંગત, સારા ગુણ સહુ લાવે;
ભૂંડાં બાળકની સંગતમાં, અનેક દુરગુણ આવે. ૬
ભલા સંગમાં ભલાં ગણાયે, જશ દે લોક તમામ;
માટે બાળક સંગત સારી, શોધો સઘળે ઠામ. ૭

પાઠ ૨૫ મો.

સોબત તેવી અસર.

[illegible]
[illegible]
[illegible]

ક્ષૌ ઝી દ્રેગ્વાઓ યે દ્રેગ્વાઇત વહિસ્તો ક્ષો અષવા યહ્માઇ અષવા ફ્ર્યો.[1]

અર્થ.

જે જૂઠા તરફ અતિભલો તે પોતે જૂઠો, જેની તરફ સાચાનો પ્યાર હોછે તે પોતે સાચોછે. (જે જૂઠા માણસ તરફ અતી ભલાઇ બતાવે એટલે કે તેને મદદ કરે તે પોતે જૂઠો હોવો જોઇએ અને સાચો માણસ જેની ઉપર પ્યાર રાખેછે તે સાચો હોવો જોઇએ.)

"સોબત તેવી અસર" એ કહેવતનો અર્થ એ કે જેવી ચાલના આપણા સાથીઓ તેવી ચાલ આપણે બેમાલમ રીતે પકડીએ છીએ. તેઓ ભુંડાં અને લુચ્ચાં તો તેઓની સંગતથી આપણે પણ ભુંડાં અને લુચ્ચાં થવાનાં. જો આપણા સાથી ભલા અને સદગુણી તો તેઓની અસરથી આપણે પણ ભલા અને સદગુણી થઇએ છીએ. યાદ રાખવું કે સોબતથી જે ટેવ નહાનપણમાં પડેછે તે મોટપણમાં છોડતાં ઘણું મુશ્કેલ પડેછે. તેથી નઠારાં તથા પાપી છોકરાંની કદી દોસ્તી કરવી નહિ.—જૂઠું બોલનાર,

---

૧ ઈજશને હા ૭૧ ક૦ ૧૩.

માબાપ અને શિક્ષકને ઠગનાર, જૂઠું તોહોમત મુકનાર, નાની યા મોટી ચોરી કરનાર, અને મોંમાંથી ખરાબ સખુન કહાઢનાર પાજી છોકરાંઓથી હમેશાં દુર રહેવું, નહિતો તેઓના જેવા દુર્ગુણી આપણે જલદીથી થઇશું અને પાછળથી આપણી જીંદગી દુઃખમાં જશે.

ભૂંડાંની સંગતમાં ભૂંડી ટેવ પડેછે અને ભૂંડી ટેવ પડેલી કદી જતી નથી. જૂઠાઓનો સોબતી જૂઠો અને સાચ્ચાનો સોબતી સાચ્ચો ગણાયછે. જૂઠું બોલનાર તથા ભૂંડાં છોકરાં સાથે ફરવાથી લોક આપણને પણ ભુંડાં જાણેછે માટે તેઓની સંગત રાખવી નહિ અને તેઓ સાથે રમતમાં મિળાવું નહી.

સદ્‌ગુણી સોબતીઓ આપણે પસંદ કરવા જોઇએ, જે છોકરાં સાચું બોલનારાં, ઉદ્યોગી, સર્વ સાથે માયાથી ચાલનાર, મોંમાંથી ભૂંડા સખુન નહિ કાઢનાર તથા સુઘડ હોય તેવાં છોકરાંની સંગત કરવી અને રમત ગમતમાં તેઓ સાથે જોડાવું. ભલાં છોકરાંઓની સોબત કરવાથી આપણે સુખી થઇએ છીએ માટે સાચાં અને ભલાં છોકરાંની સોબત પસંદ કરજો.

[illegible]

[illegible]

હ્મેજ્ય નરેમ્ અષવનેમ્ આયેસે યેસ્તિ.[1]

અર્થ.

સાચા અને ભલા મરદની હું કીર્તિ સાથે વખાણ કરૂંછું.

દોહરો.

સરસ સંગતીથી સહુ, સુખ મળશે સંસાર;
નરસ સંગતીથી નક્કી, ઉપજે દુઃખ અપાર.

---

૧ ઇજશને હા ૨ ક૦ ૧૫.

પાઠ ૨૬ મો.

સારી સોબત વિષે.

ઝીંઝોટી—ઠુમરી.

સારી જાણી, શીખ શાણી, મન આણી, જુઓરે,
સંગત સારી છે, સુખખાણી, જુઓ, સારી—ટેક.
સારી સંગતનાં ફળ છેજ સારાં,
વાત એજ છે કિતાબમાં વખાણી; જુઓરે, સંગત૦ ૧
સંગતનો રંગ અંગમાં લાગે,
નથી કહેવત જગતમાં અજાણી; જુઓરે, સંગત૦ ૨
લોભી, ક્રોધી ને કપટીની સંગે,
થાય જગમાં જસની ધૂળધાણી; જુઓરે, સંગત૦ ૩
બુરાંની સંગે બુરાં થવાએ,
કહે લોક પછાડી કર્મકહાણી; જુઓરે, સંગત૦ ૪
માતપિતા સહુ પ્રીતી વિસારે,
ફરે કુળની આબરૂપર પાણી; જુઓરે, સંગત૦ ૫
નરસી સંગતમાં લાખ મળે તે,
રાખ સરખા છે રાસ્ત એજ વાણી; જુઓરે, સંગત૦ ૬
સોબત સારી, સહુ સુખકારી,
દુખહારી છે, પ્રીતથી પ્રમાણી; જુઓરે, સંગત૦ ૭

પાઠ ૨૭ મો.

બંદગી કરવાની ફરજ—ભાગ ૧ લો.

[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]

નેમખ્યામહી ઇષૂઇદયામહી થવા મજ્દા અહુરા વીસ્પાઇશ્ થવા હુમતાઇશ્ વીસ્પાઇશ્ હૂખ્તાઇશ્ વીસ્પાઇશ્ હ્વર્શ્તાઇશ્ પઇરિ જસામઇદે.[1]

અર્થ.

ઓ અહુરમજ્દ! તુંને હમો નમીએ છીએ, તારા હમો કરજદાર છીએ. તમામ ભલા વિચાર, ભલી વાણી અને ભલી કરણીથી તારી આસપાસ હમો પોહોચીએ (તુંને પીછાણીએ, જાણીએ.)

સર્વ જગતનો કર્તા એકલો એકજ ખુદા છે તે સર્વ શક્તિવાન, મહાજ્ઞાની અને હમેશનોછે. આપણ સર્વેતો તેના બંદા છીએ માટે સાહેબની શક્તિની વખાણમાં તથા તેના આપણી ઉપરના મોટા આભાર થકી બંદગી કરવાને જરથોશ્તી ધર્મમાં ફરમાવ્યુંછે.

બંદગી કરવામાં નીચલી ત્રણ વાત આવેછે:—૧. ખુદાની શક્તિ ગાઈ તેનો ઉપકાર માનવો.—૨. પાપનો પસ્તાવો કરવો.—૩. ભલી અને સુખ ભરી જીંદગી ગુજારવા તેની સહાયતા માંગવી.

૧. જે જે ચીજ આપણા ગુજરાન અને સુખને માટે જરૂરની છે તે ખુદાએ પેદા કીધેલી છે. વળી આપણી સં-

---

૧ ઇજ૦ હા૦ ૩૬ ક૦ ૪.

ભાળ લઈ પોષણ કરનાર પણ તેજ છે તેથી હાથ જોડી આપણું શીર નીચું નમાવી તે સાહેબને ઉપકાર માનવો.

૨. આપણા પાપને તે સાહેબ આગળ પસ્તાવો કરવો એટલે જે ગુનાહ આપણાથી થયો હોય તે માટે ખરાં અંતઃકરણથી દીલગીર થવું અને તે સાહેબ પાસે માફી ચાહાવી.

૩ તે સાહેબની સહાયતા વિના આપણે સુખી થઈ શકતા નથી માટે ભલાઈ ભરી અને સુખસંપજ સાથની જીંદગી ગુજારવાની મોરાદ માંગવી.

બંદગીની વખતે આપણા હાથ જોડીને ઉંચા કરવા અને આપણું શીર નીચે નમાવવું.[૧] મનમાં કાંઈ પણ ભટકતા વિચાર લાવવા નહિ પણ ઉપર જણાવેલી ત્રણ બાબત ધ્યાનમાં રાખીને ખુદા તરફ ચિત્ત લગાડવું.

બંદગીની શરૂઆતમાં ખુદાની શકિત અને ગુણોના વખાણ કરવા.—સઘળી પેદાયશનો ધણી તે એકલો એકજ છે તેની બરાબરનો બીજો કોઈ નથી. જ્યાં જોઇએ ત્યાં તેનું ડહાપણ અને શકિત માલમ પડેછે. પણ તેની સર્વ શકિત અને ડહાપણ જાણવાને આપણામાં તાકાત નથી. દરેક ચીજમાં તેની મદદની જરૂરછે. આપણો સઘળો આધાર તેજ સાહેબપરછે, ઇત્યાદિ. એવા એવા વિચારોથી તે સાહેબનો આભાર માનવો.

બંદગીમાં પાપનો પશ્ચાતાપ કરતી વખતે જે ગુનાહ આપણે કીવો હોય તે માટે દીલમાં દુખી થવું. જેખી કાંઇ બુરં હોય તેપર ખરા અંતઃકરણથી ધિક્કાર બતાવવો અને ફરીથી બુરં કામ કરવું નહિ એવો ઠરાવ કરવો.

દોહરો.

પશુ પંખી સૌ પ્રાણીને, છે જેનો આધાર,
કરીએ તેની બંદગી, તેથી પડિએ પાર.

---

૧ ગાથા હા૦ ૨૮.

પાઠ ૨૮ મો.

બંદગી કરવાની ફરજ—ભાગ ૨ જો.

[illegible]

યત્ નેમો વોહૂ અધવીમ્ અત્બએષેમ્ નઇરે હાંમ્ વરેતિશ્ દ્રુજો વારેથ્મ દારેશ્ત.[૧]

અર્થ

સારાં દીલની, કોઇનું બુરૂં નહિ ચાહવા કરેલી ભલી નમાજ (બંદગી) માણસને માટે એક બચાવ અને જૂઠાઇની સામે રક્ષણ કરનાર (ઢાલ) છે.

જે છોકરાં ભૂંડી ચાલ ચલાવેછે તેઓની અરજ ખુદા સાંભળતો નથી પણ સાચું બોલનારાં અને ભલું કામ કરનારાં છોકરાંઓની અરજપર ખુદા ધ્યાન આપેછે. કાંઈ પણ બુરી ઇચ્છા પાર પાડવા માટે ઇશ્વરને અરજ કરવી નહિ. તેવી વિનંતી કર્યાથી ખુદા સામે ગુનાહ કીધેલા ગણાયછે. તે સર્વ શકિતવાન સાહેબ પાસ મુખ્ય બક્ષેસ એ માંગવી કે આપણને નેક વિચારવાની, સાચું બોલવાની અને નેક કામો કરવાની શકિત અને સમજ મેળવવામાં તે સાહેબ મદદ કરે, તથા આપણને, આપણાં માબાપને, આપણાં

---

૧ સરોશ યશ્ત, ક૦ ૨.

સગાં વહાલાંને, સ્નેહીને તથા તમામ નેક આદમીઓને સુખ સાથે લાંબી જીંદગી બક્ષે.

નેક વિચાર સાથે તે સાહેબની બંદગી કીધી હોય તો તે બંદગીમાં કરેલી અરજ દાદાર અહુરમજ્દ સાંભળેછે. પણ આપણાં મનમાં બુરા વિચાર હોય તો આપણી બંદગી વ્યર્થ જાયછે.

કેટલાકો દુઃખમાં હોયછે તે વખતે મદદને માટે ઇશ્વરને પોકારેછે તથા તે સાહેબની બંદગી કરવામાં રાત દીન ગુંથાયલા રહેછે. પણ સુખની વખતે તે સાહેબની આપેલી બક્ષેસો માટે ઉપકાર માનવાને પણ ભુલે છે. એવા આદમીઓનું સુખ ઝાઝા દહાડા ટકતું નથી.

આપણે દુઃખી કે સુખી ગમે તે હાલતમાં હોઇએ પણ તે સાહેબની બંદગી હમેશાં કરતાં રહેવું. કારણ કે દુઃખમાં તેમજ સુખમાં તેજ આપણી સાથેછે. ભલાં મન સાથ હમેશાં આપણે તેને યાદ કરતાં રહેવું. હરરોજ ઓછામાં ઓછી બે વખત તે સાહેબની બંદગી કરવી, એક, સવારે ઉઠતાં, અને બીજી, રાત્રે સુતાં.—બંદગી કરવાથી મનને કેવી નિરાંત અને સુખ મળેછે !

દોહરો.

સુખ ને દુખમાં જે ખુદા, સદા રહેછે સાથ ;
સવાર સાંજે બંદગી, કરવી તેની બાત.

પાઠ ૨૯ મો.

ખુદાની બંદગી, (બામદાદની.)

ઓ અહુરમજ્‌દ ગઇ રાત મારી સલામત ગઇ તે માટે તારો ઉપકારીછું. તારી મરજી મુજબના આજ કામ કરૂં એવી ઇચ્છા અને શકિત મારામાં મુક. ઓ દયાળુ સાહેબ! મારાં માબાપ, ભાઇબેન, અને સગાં વહાલાનું તથા તમામ જીહાનનું ભલું કરો! ઓ સર્વના ધણી! મારી આ ટુંક પ્રાર્થના તું કબૂલ રાખ!—આમીન!

ખુદાની બંદગી—(રાતના બીછાને જતી વખતની.)

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

યેનિં હવા દિહ્‌એષ યેનિં મનહ્‌હ યેનિં વચહ્‌હ યેનિં સ્કયઓથ્ન યેનિં જઓષ યેનિં અનજઓષ આ તે. કચ સ્તુયે ની તે વઓધયેમિ.[૧]

---

૧ ઈજશને હા ૧ ક૦ ૨૧.

અર્થ.

જો મન વચન અને કરણીથી તારી વિરૂધ્ધ મારી ખુશીથી અથવા નાખુશીથી ગયો હોઉં તો તે હું જાહેર કરૂંછું (તે વાંક હું કબૂલ કરૂંછું), અને (તેથી પાછો ફરીને) તારી સ્તુતી (બંદગી) કરૂંછું.

ઓ ખુદા આજ મારૂં પાલણ કરી મને સલામત રાખ્યોછે માટે હાથ જોડી મારૂં શિર નીચું નાંખી તારો ઉપકાર હું માનુંછું. મારી મુર્ખાઇ અથવા નાદાનીથી કાંઇ ગુનાહ આજ થયો હોય તેપર દયાની નજર રાખજો. ઓ દાદગર તારે આશરે હું હાલ સુઉંછું માટે આજ રાત મારી સંભાળ લેજો. ઓ રક્ષણ કરનાર સાહેબ હું હાથ જોડી વિનંતિ કરૂંછું કે મારાં માબાપ, મારાં સગાંવહાલાં તથા દોસ્તોને અને સર્વ અશોને નચિંતાઇની ઉંઘ આપજો! અને સવાર પડતાં એમો સર્વને તનદરોસ્તી સાથ ઉઠાડજો! આમીન!

પાઠ ૩૦ મો.

આળસાઇથી નિપજતા ગેરફાયદા.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

નર યો માંમ્ નોઇત્ અઇવિ વેરેજ્યેહિ હાવોય બાજ્વો દષિનચ દષિન બાજ્વો હાવયચ બાધ ઇધ હિસ્તહિ અન્યેહે દ્દરે સ્રયનો ખરેન્તીશ પેરેસ્મનએષુચ.૧

અર્થ.

ઓ માણસ! (તું) કે જે મને (જમીનને) ડાબીથી જમણી બાજુએ અને જમણીથી ડાબી બાજુએ ઉથલ પાથલ નથી કરતો (ખેડતો નથી), માટે ખચીત અહિં બીજાને બારણે ખોરાક માગવાનો સવાલ કરતો તું ઉભો રહેશે.

સાર.

ઓ માણસ! તું જો મેહેનત નહિ કરશે તો ખચીત આ દુનિઆમાં બીજાને બારણે ભીખ માગતો તું ઉભો રહેશે.

ઉદ્યોગથી માણસ તનદરોસ્ત અને સંતોષી રહેછે. આળસાઇથી માણસ શરીરે રોગી થાયછે. આળસુનું મન હમેશા ભમતું રહેછે તથા તેના વિચારો ગુચવાયલા હોયછે અને શું કરવું તે તેને સુજતું નથી.

આળસુ માણસ દુનિઆને એક બોજોછે. આળસાઇ દુઃખ અને દરિદ્રતા આણેછે. તવંગરને તે ભીખારી કરેછે અને નિરોગીને રોગી કરેછે. આળસાઇથી મોતપણ જલદી આવેછે. માટે છોકરાંઓએ આળસુ થઇ પોતાનું મોત જલદી લાવવું નહિ. આળસુ છોકરાં સવારનાં મોડાં ઉઠેછે અને રાતનાં વેહેલાં સુએ છે. તેઓને પોતાનું બીછાનું વખતસર છોડવા ગમતું નથી પણ કવખતે બિછાનાપર જવા

---

૧ વંદીદાદ ૫રગ ૩ ફ૦ ૨૮—૨૯.

ગમે છે. એવાં છોકરાંને જ્ઞાન તે ક્યાંથી મળે ? તેઓ શરીરે રોગી અને દુબળાં થાય તેમાં નવાઈ શી ?

યાદ રાખજો કે ઉદ્યોગી હમેશાં ઉંચે દરજ્જે પુગતો અને માન પામતો રહેછે પણ આળસુને તો ઉદ્યોગી આગળ નમવું અને નિચું જોવું પડેછે આળસુ માણસ પીડા અને વિપત્તિમાં આવી પડેછે અને તેના સંકટમાં દિનપરદિન વધારો થાયછે. તેને હમેશાં બીજાનો ઓશિઆળો રહેવું પડેછે. જેઓ આપણાથી ઉમરે મોટાછે અને શિખ્યા વગર ખરાબ હાલતમાં આવી પડયાછે તેઓ ઘણા પસ્તાયછે; તેઓના જેવી આપણી હાલત ન થાય માટે શિખ્યાપર મન લગાડવું અને ઘણો વખત રમતગમત તથા આળસાઈમાં કહાડવો નહિ.

આળસુની જીંદગી ટુંકી અને સદા દુઃખી હોયછે માટે સર્વ ભલાં છોકરાંઓએ પોતાનો વખત પોતાના પાઠો કરવામાં, માબાપ તથા શિક્ષકના કહ્યા પ્રમાણે ચાલવામાં, ખુદાની બંદગીમાં અને બીજાં ભલાં કામોમાં રોકવો અને પોતાની જીંદગી લાંબી અને સુખી કરવી.

દોહરો.

દરિદ્રતામાં દાબશે, આળસ અવગુણ એક,
માટે મેહેનત આદરો, છાંડી તેને છેક.

પાઠ ૩૧ મો.

આળસાઈ છોડી ઉદ્યોગ કરો.

[illegible]

ઉસેહિસ્તત મષ્યાક સ્તઓત અષેમ્ પત્ વહિસ્તેમ્ નિસ્ત દએેવ અએષ વો દ્રઇતિ બૂષ્યાંસ્ત દરેઘો-ગવ.[1]

અર્થ.

અરે માણસો! તમો ઉઠો સૌથી સરસ સચાઇની વખાણ કરો, બુરાઇ અને બુરી ચીજોનો નાશ કરો, (નહિતો) લાંબા હાથવાળો (આખાં હાડકાનો અથવા નુકસાન ફેલાવ-નારો) આળસાઇનો દેવ તમારી ઉપર ગલબો કરશે.

ખુદાએ સર્વ માણસને મેહેનત કરવા આ જગતમાં પેદા કર્યાં છે. માણસનેજ નહિ પણ નાની કે મોટી સર્વ વસ્તુને તે સાહેબે કાંઇને કાંઈ કામ સોંપ્યું છે. આપણી પૃથિવ, બીજા ગ્રહ, ચંદ્ર ઇત્યાદિ એક પળ પણ સ્થિર રહેતા નથી. દરિઆમાંની માછલી, હવામાં ઉડતાં પક્ષીઓ અને જમીન-પરનાં સર્વ જનાવર પોતપોતાનાં કામમાં કેવાં રોકાયલાં રહે છે! જુઓ છોકરાં, આપણને આપણાં માબાપ આપતો ખોરાક;

---

૧ વંદીદાદ ૫ર. ૧૮ ફ૦ ૨૪.

આપે છે તોપણ આપણામાંનાં ઘણાંએક પોતાનાં ભલાં કાજે શિખવા પાછળ જોઇએ તેટલી મેહેનત લેતાં નથી એ કેવી શરમની વાત છે ! આખી જગત ઉદ્યોગમાં ગુંથાયલી રહે અને જો આપણે આળસુ રહિએ તો ખુદાનાં કેવાં પાપી થઇએ વારૂં ? ખરચીત જે મુર્ખ હોય તે વખત ગુમાવે.

આપણને ખુદાએ જે જોર અને અક્કલ આપીછે તેનો ઉપયોગ કરવો, અને અરસપરસ મદદ કરી એકબીજાનું સુખ વધારવું. આપણી જીંદગી ટુંકી છે અને એ ટુંકી જીંદ-ગીમાં જેટલું ભલું કામ થાય એટલું કરી લેવું કે જેથી આપણે સુખી થઇએ. આપણે જાણીએ છીએ કે ગએલો વખત પાછો આવતો નથી અને હવે પછીના વખતમાં શું થશે તેની આપણને ખબર નથી માટે જે કામ કરવાનું હોય તે ચાલતા વખતમાં કરી લેવું. "પછી કરીશું" કહીને કદી પણ રહેવા દેવું નહિ. જેઓ 'પછી કરીશું' કહીને પોતાનું કામ રહેવા દેછે તેઓથી છેવટે તે કામ થતું નથી.

ઉદ્યોગી રહેવાથી તનદરોસ્તી, ખુશ મીજાજ, સંતોષ, ધીરજ, દોલત, માન અને સુખ મળે છે. વાસ્તે આપણાં ! પોતાનાં ભલાને કાજે આળસાઈ તજવી અને ઉદ્યોગ કરવો.

દોહરો.

આળસ છોડી અંગથી, કરવો નિત ઉદ્યોગ,
સર્વે સુખ તેથી મળે, રહે કશો નવ રોગ.

પાઠ ૭૨ મો.

આળસ તજવા વિષે.

પદ.

આળસ છોડી ઉદ્યમ કરવો, ફરજ એજ છે મોટીરે;
આળસ છોડી—ટેક.

દુશ્મન આળસ, ઉદ્યમ તો છે, દોસ્ત ખરો જગમાંહીરે;
ઉદ્યમથી તેજી દુનિયાની, નથિ ઉદ્યમ સમ કાંઇરે.
આળસ૦ ૧

આળસની તો પાછળ પાછળ, દળદર દોડ્યૂં આવેરે;
તેને દેખી દોલત ડરથી, ઝટપટ દૂર સિધાવેરે.
આળસ૦ ૨

વખતતણી કિંમત નહી બૂઝે, જેહ આળસુ હોયરે;
આવડ એક ભલો નહી ઉદ્યમ, ફોકટ જીંદગી ખોયરે.
આળસ૦ ૩

કામ સોંપતાં આળસુ જન તે, બાનાં કંઇક બતાવેરે;
શેમાં લાભ રહ્યો છે ખુદ તે, મનમાં કંઈ ન લાવેરે.
આળસ૦ ૪

કામથકી કાયર તે થાયે, સદા બિછાનૂં પ્યારૂંરે;
બોજા સરખો આ દુનિયામાં, કહો કરે શું સારૂંરે.
આળસ૦ ૫

આળસથી તો કંઇક તવંગર, બની ગયા ભીખારીરે;
બન્યા નિરોગી રોગી જલદી, સૂતા સોતપથારીરે.
આળસ૦ ૬

માટે બાળક રહી ઉદ્યમી, કરજો બદન તમારૂંરે;
આળસથી તો આ દુનિયામાં, થયૂં ન કોનું સારૂંરે.
આળસ૦ ૭

સમીસાંજનાં સુવા તાકે, મોડાં ઉઠે સ્હવારરે;
વેળાસર છોડવા પથારી, ગમે નહીં તલભારરે.
આળસ૦ ૮

એવાં મૂરખ બાળકને તે, મળે કયહાંથી જ્ઞાનરે;
રોગી દુબળાં સરખાં દીસે, મળે ન જેને ભાનરે.
આળસ૦ ૯

કીડી પણ ઉદ્યોગ કરીને, જુઓ કરે ગુજરાનરે;
આળસુ આખર ભીખ માગીને, પેટ ભરે નાદાનરે.
આળસ૦ ૧૦

વપરાતી કૂંચી તે ઉજળી, રહે, નથી એ ખોટૂંરે;
શરીરસુખ એ ઉદ્યમનું ફળ, આ જગમાં અતિ મોટુંરે.
આળસ૦ ૧૧

ઉદ્યોગી ઉદ્યોગ કરીને, પદવી મોટી પામેરે;
ભાયગને નહી રહે ભરોસે, રળે માન સહુ ઠામેરે.
આળસ૦ ૧૨

મેહેનતમાં મશગૂલ રહીને, સુખ પામે સંસારરે;
હરામના પૈસાપર તેને, મળે ન પ્રીત લગારરે.
આળસ૦ ૧૩

માટે આળસ તનથી છોડી, શુભ ઉદ્યમ આદરવોરે;
સરવે સુખ સાંપડશે તેથી, બોધ દીલમાં ધરવોરે.
આળસ૦ ૧૪

પાઠ ૩૩ મો.

ખાણાં માટે ખુદા અને માબાપનો આભાર માનવાની ફરજ.

[illegible]

યજમઇદે અહુરેમ્ મજદાંમ્ યે ગાંમ્ચા અષેમ્ચા દાત્ અપસ્ચા દાત્ ઉર્વરાઓસ્ચા વઙ્ઉહીશ્ રઓચાઓસ્ચા દાત્ બૂમીમ્ચા વીસ્પાચા વોહૂ.[1]

અર્થ.

હમો અહુરમજદને આરાધયે છીએ કે જેણે ગોસ્પંદ, અનાજ, પાણી, ભલાં ઉરવરો (વનસપતી) રોશનીઓ પૃથ્વી તથા તમામ વસ્તુઓને પેદા કીધીછે.

ખોદાએ આપણને પેદા કર્યાછે અને તે આપણનો પાળનારછે. આપણા જન્મથી ખોરાક પુરો પાડવાની તે સંભાળ લેછે. આપણે જ્યારે બાળક હતાં અને દુધ શિવાય આપણને જ્યારે કાંઈ ખપતું નહોતું ત્યારે આપણી માની છાતીમાં દુધ બને એવી તે સાહેબે યુક્તિ રચી. એ દુધ આપણી દયાવંત માતાએ આપણને પાયું અને મોટાં કર્યાં.

---

૧ યજશને હા ૩૭ ક૦ ૧.

જે સૃષ્ટિના પાલણ કર્તાએ આપણને દુધ પુરું પાડવાની સંભાળ લીધી, તે સાહેબનો આપણાપર કેવો ઉપકાર થયોછે ! વળી આપણી દયાવંત માતાએ પોતાનું દુધ આપી આપણને ઉછેર્યાંછે માટે તેઓનો ઉપકાર પણ કાંઈ નજીવો નથી. એ ઉપકાર મરણ સુધી આપણે ભુલવો નહિ.

દરરોજ સવાર, બપોર અને સાંજના જે ખોરાક, પાણી આપણી આગળ મુકવામાં આવેછે તે સર્વ અહુરમજદની બક્ષેસછે. ખેતરમાં ખેડુત થોડા અનાજના દાણા વાવેછે પણ ખેતરમાં વરસાદ નાંખી અને સુરજનો તડકો આપી તે દાણાને હજારોગણા વધારી જત્થાબંધ અનાજ ઉગાડનાર **દાદાર અહુરમજદ** છે. વળી ખેડુત અનાજના જે દાણા વાવેછે તેપણ ખુદાનીજ પેદાયશછે. ફળના એક ઠળીઆ કે ગોટલામાંથી સેંકડો ફળોનું ઝાડ એ સાહેબની શક્તિથી ઉગેછે. અનાજ અને ફળ ખાઈ એના બનાવેલાં પ્રાણી જીવે અને એના શુકરાના કરે માટે અજાયબ તરેહની ગોઠવણથી એક ચીજમાંથી હજારો ચીજો ઉત્પન્ન કરવાને તે એકલો એજ સાહેબ શક્તિવાન છે. સેંકડો ખાવાની ચીજો માટે તરેહવાર જાતનાં ફળનાં ઝાડો એ સાહેબ ઉગાડેછે. તાજાં મીઠાં પાણીની આપણને દરરોજ જરૂરછે માટે નદી, સરોવર, કુવા, તળાવ ઇત્યાદિ એ સાહેબની ગોઠવણથી ભરાયછે. આપણે ખાઇ, પી, ભલે માર્ગે ચાલી સુખી રહીએ માટે એ સર્વ ચીજ તેણે કીધીછે. દાદાર અહુરમજદથી આપણને સઘળું સુખ મળેછે. એ સાહેબની બેહદ મેહેરબાનીના બદલામાં એ સાહેબનો ઉપકાર માની બંદગી કરવા શિવાય આપણ બીજું કાંઇ કરી શકતા નથી.

ખોદા સર્વ ચીજ બનાવેછે અને આપણાં માબાપ પોતાનાં તન અને મનની મેહેનત કરી આપણે સારૂ ખોરાક મેળવી

પુરા પાડેછે માટે સર્વ બાળકોએ પોતાનું ખાણું લેતી વખતે અને લીધા પછી ખોદાનો અને માબાપનો આભાર માનવો.

દોહરો.

અન્ન પાણી ઉપજાવિયાં, ધન્ય ! ખોદા તુજ કામ,
જમતાં કેમ વિસારીએ, થઈને નિમકહરામ ?

પાઠ ૩૪ મો.

ખાણાં માટે ખુદાનો ઉપકાર.

𐬥𐬆𐬨𐬋 . 𐬬𐬊𐬵𐬏 . 𐬥𐬆𐬨𐬋 . 𐬬𐬀𐬵𐬌𐬱𐬙𐬆𐬨 . 𐬰𐬀𐬭𐬀𐬚𐬎𐬱𐬙𐬭𐬀-
𐬔𐬀𐬉𐬚𐬀𐬠𐬌𐬌𐬋 .

નેમો વોહૂ નેમો વહિશ્તેમ જરથુશ્ત્ર ગએથાબ્યો.[1]

અર્થ.

ઓ જરથોસ્ત ! નમાજ ભલી, દુનિઆના લોકો માટે નમાજ અતિભલી.

(ખાણું ખાધા આગમજ ખુદાનો ઉપકાર.)

ઓ દાદાર ! આ અન્નપાણીની બક્ષેસ તેં આપીછે કે જે ખાઇ પીને હું જીવું અને આ દુન્યામાં નેક કામો કરૂં. આ તારી બક્ષેશ માટે, ઓ પરવરદીગાર ! તારી આગળ મારૂં સર નમાવું છું અને તું સાહેબના હજારોહજાર સુક્રાના કરૂં છું. મારાં માબાપની કૃપાથી આ તૈયાર ખાનું મને મલ્યુંછે વાસ્તે તેઓની જીંદગી સુખ સાથ લાંબી થજો !—આમીન !

---

૧ સરોશ યશ્ત, ક૦ ૧ ફ૦ ૧.

(ખાનું ખાધા પછી ખુદાનો પાડ માનવાની બંદગી.)

ઓ જગતના દયાળુ ધણી ! મારા ગુજરાનને માટે એક રોટલીનો કટકો અને થોડું પાણી બસ હતું. પણ રોટલી સાથ બીજી વધારે ચીજોની તેં બક્ષેસ કીધી માટે હું તારો ઘણો ઉપકારી થયોછું. એક કટકો રોટલી માટે મારે તારો આભાર માનવો જોઇએ, પણ જ્યારે આ રોટલી સાથ બીજી ચીજોની બક્ષેસ કરીછે ત્યારે ઉપકાર કરવા સાથ અત્યંત પ્યાર તેં બતાવ્યોછે. માટે ઓ **દાદગર** ! અગર કોઇ વખત કટકો રોટલી કરતાં પણ જો મને ઓછું મળશે તો તેપર સુકરાના કરીશ, કારણ કે મારો જીવ ઉગારવાને જેબી મને મળે તે તુંજ આપનાર છે ! તારી પેદા કીધેલી ચીજોને મારાં માબાપે મેળવી અને મારૂં ભોજન તૈયાર કીધું માટે તું સાહેબને નમીને હું દુવા માગુંછું કે મારાં માબાપ સુખ સાથ લાંબી જીંદગી ગુજારે ! આમીન ! આમીન !

અવસ્તાના કલામોથી રચેલો એક પાઠ.

પાઠ ૩૫ મો.

અહુરમજ઼દની શક્તિ.

𐬙𐬆𐬨 · 𐬭𐬀𐬙𐬏𐬨 · 𐬫𐬀𐬰𐬀𐬨𐬀𐬌𐬛𐬉 · 𐬫𐬌𐬨 · 𐬀𐬵𐬎𐬭𐬆𐬨 ·
𐬨𐬀𐬰𐬛𐬃𐬨 · 𐬛𐬀𐬜𐬎𐬎𐬃𐬢𐬵𐬆𐬨 ·· 𐬬𐬍𐬯𐬞𐬀 · 𐬬𐬊𐬵𐬏 ·

તેમ્ રતૂમ્ યજ઼મઇદે યિમ્ અહુરેમ્ મજ઼દાંમ્ દધ્વાઓંહેમ્ .. વીસ્પ વોહુ.[૧]

---

૧ યજશ્ને હા ૭૦ ક૦ ૧.

અર્થ.

તમામ ચિજોનો પેદા કરનાર અહુરમજ્દ જે પવિત્રાઇનો સાહેબ તેને અમો આરાધયે છીએ.

દાદાર અહુરમજ્દે પોતાની શક્તિ અને ડહાપણથી આખી જગત ઉત્પન્ન કરીછે. તેની સંભાળ લેનાર તથા સર્વનો પાળનાર પણ તેજ સાહેબ છે.

[illegible]

[illegible]

[illegible]

અઓત્ અહુરો મજ્દાઓ સ્પિતમાઇ જરથુસ્ત્રાઇ અજેમ્ યો અહુરો મજ્દાઓ અજેમ યો દાત વંઙ્હવાંમ્.[1]

અર્થ.

અહુરમજ્દે સૌથી પવિત્ર જરથોસ્તને કહ્યું કે હું જે અહુરમજ્દ, હું જે વસ્તુઓનો પેદા કરનારછું.

[illegible]

[illegible]

પાયુશ્ચ અહ્મિ દાતાચ્ચ આતાચ્ચ અહ્મિ.[2]

અર્થ.

રક્ષણ કરનાર હું છું, પેદા કરનાર તથા પાલણ કરનાર હું છું.

---

૧ વંદીદાદ ફરગરદ ૨૨ ક૦ ૧.   ૨ અહુરમજદ યશ—ક૦ ૧૨.

સર્વ વસ્તુઓ—માણસ, પશુ, પંખી ઇ૦ ની પેદાએશ અને નાશ થાયછે પણ દાદાર અહુરમજદ હમેશનોછે અને હમેશાં રહેશે.

[illegible]

અહુરમજદ હમા બૂદ ઓ હમા હસ્ત ઓ હમા બેદ[1]

અર્થ.

અહુરમજદ હમેશાં હતો, હમેશાંછે, અને હમેશાં રહેશે.

ખુદાના ડહાપણનો કાંઈ પાર નથી, તે સર્વજ્ઞાની છે.

[illegible]

અહ્મિ મજદાઓ નાંમ.[2]

અર્થ.

મહાજ્ઞાની નામ છે મારૂં.

ઈશ્વર આપણ સર્વને જોઈ શકેછે પણ આપણે તેને જોઇ શકતા નથી કારણ કે તેને કાંઇ રૂપ અથવા આકાર નથી.

[illegible]

હુમદસ વીસ્પ હિવસ.[3]

---

૧ દીબાચા નામએસેતામેશાને. ૨ અહુરમજદ યશ ફ૦ ૮.

૩ અહુરમજદ યશ ફ ૮.

અર્થ.

સતરમું નામ સર્વ (વસ્તુઓ) ને જોનાર.

[illegible]
[illegible]
[illegible]

દથુષો અહુરહે મજ઼દાઓ રએવતો ખરેનંઙ્હતો મઇન્યેંઉરા મઇન્યઓયેહે[૧].

અર્થ.

નુરમંદ અને રોશનીથી ભરેલા પેદા કરનાર અહુરમજ઼દ જે મીનોઓમાં મીનો (અણદીઠમાં અણદીઠ) છે.

ચાલો છોકરાં, કરો બંદગી એજ ધણીની, કે જે આપણો પેદા કરનાર અને પાળનાર છે જે પવિત્રાઇમાં પુરો અને સર્વ શકિતવાન સાહેબછે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

---

૧ ઈજશને હા ૪ ક૦ ૭.

નિવએધયેમિ હન્કારયેમિ દથુષો અહૂરહે મજ્દાઓ રએવતો ખરેનઙ્હતો મજીશ્તહેચ વહિશ્તહેચ સ્રએશ્ત હેચ . . . યો નો દધ યો તતષ યો તુથુયે.[૧]

અ ર્થ.

અહુરમજ્દ જે પેદાનો કરનાર ચળકાટવાળો, નુરમંદ, સર્વ શકિતવાન, સર્વોતમ અને શ્રેષ્ઠ જે આપણને પેદા કરનાર, રૂપ આપનાર અને આપણું પોષણ કરનારછે તેની હું આરાધના કરૂંછું અને (મદદે) બોલાવુંછું.

દો હ રો.

કરિયે તેની બંદગી, અપાર જેનાં કામ ;
અમર શકિતઓ જેહની, અમશાસ્પંદો નામ.

પાઠ ૩૬ મો.

અહુરમજ્દની સેતાએશ.

ભૈરવી—ગજલ.

એક તૂંજ અહુરમજ્દ, દાદાર છે ખરો,
પાળનાર, પોષનાર તું, દિલદાર છે ખરો. એક ૧
તુજ શકિતઓ અનંત, ના ગણાય કોઇથી,
ગેબી રચના અનેક, રચનાર છે ખરો. એક ૨
નજરે પડે ન કાંઈ તૂં, ખલ્કનો ધણી,
મહિમા ખુદા ખરેજ તુજ, અપાર છે ખરો. એક ૩

---

૧ ઈજશને હા ૧ કે૦ ૧.

અજબ કળા અનેક, ઠામઠામ તાહરી,
જીવજંતુ સરવનો તું, આધાર છે પ્યારો. એક ૪
ઠરે છે દિલ અમારૂં કૃતિ, જોઇ તાહરી,
ખુબી અપૂર્વનો ભલો, ભંડાર છે પ્યારો. એક ૫
રૂપ, રંગ ને આકાર, અજબ પ્રાણીઓતણા,
સ્વરભેદ ને મુખ ભેદનો, કરનાર છે પ્યારો. એક ૬
ઓળખાય એકએકથી, એ ખેલ ન્યારો છે,
. ખાનપાન, જ્ઞાનદાનનો, દેનાર છે પ્યારો. એક ૭
જન્મ જગતમાંહિ આપિ, લે સંભાળ અમારી,
સાગર દયાનો તુંજ, ઉપકાર છે પ્યારો. એક ૮
ખુબી ગાઇએ શી તારિ તે, નાદાન અમે તો,
દુખે ડૂબતાંનો હાથ, ધરનાર છે પ્યારો. એક ૯
થાય જો પિછાન મનથકી, તને ન મૂકિયે;
ગણી એક તૂં સદાય, તારનાર છે પ્યારો. એક ૧૦
છેવે બાળક દે, ધર્મનીતિબોધ અમોને,
એજ જગતમાંહિ, સારમાંહિ સાર છે પ્યારો. એક ૧૧

નોઇત હે અપસ્તવાને વડ્ઉહીમ્ દએનામ્ માઝ્દ-યસ્નીમ્ નોઇત અસ્તચ નોઇત ઉશ્તાનેમ્ચ નોઇત બઓધસ્ચ વી-ઉર્વિંસ્યાત.[૧]

અર્થ.

તે ભલી મઝ્દયસ્ની દીનને કદી છોડું નહિ, હાડકાં જુદાં પડે, જાન જાએ, બુદ્ધિ ગુમ થાએ તોપણ તજું નહિ.

---

૧ વંદીદાદ ૫૨૦ ૧૯ ફ૦ ૭.

સમાપ્ત.

કઠણ શબ્દનો કોષ.

અખુટ ...... ખુટે નહિ તેવું.
અથાગ ...... પારવનાનું.
અદકું ...... વધારે.
અધિક ...... વધારે.
અંતરે ...... મનમાં.
અનન્ત ...... છેડા વગરનું.
અનુસરતો ...... મળતો આવતો.
અનુસરી ...... વળગી રહીને.
અનેક ...... એકથી વધારે, ઘણાં.
અપાર ...... પારવિનાનું, છેડા વગરનું.
અમર ...... મરે નહિ તે, હમેશનું.
અમાપ ...... ઘણુંજ, બેહદ.
અમુલ્ય ...... કિમતી, સરસ.
અમૃત ...... મીઠો પદાર્થ.
અર્થ .... હેતુ, મતલબ, સમજણ.
અવગુણ ...... નઠારો ગુણ.
અશોઈ ...... સચ્ચાઈ, પવિત્રાઈ
આણી ...... લાવી.
આદરવો ...... ઉમંગથી કરવો.
આદરો ...... માથે લો, કરો.
આપ .... તમે.
આબ .... પાણી.
આરાધવું ...... સ્તુતિ કરવી, નમીને માન સાથ યાદ કરવું.
આરો ...... છેડો, હદ, પાર.
આશકાર ...... જાહેર, ઉઘાડું.

ઉચ્ચાર...... બોલવું.
ઉછેરવું ...... પાલણ પોષણથી મોટું કરવું.
ઉરમા........ મીસલ, બે પદાર્થનું કોઇવાતે મળતું આવવું તે.
ઉમંગ ...... ખુશી, હોંસ, ઉલટ.
ઉરવરો ...... ઝાડપાન.
ઉસ્તાદ...... મેહેતાજી, શિખવનાર, ગુરૂ.
એકરાર ...... ખાતરીથી કહેવું, કબુલ કરવું.
એવી........ ધાતુ આવાથી બનેલો સુરત.
ઓશીઆળો.... ઉપકારથી દબાયલો, જેનાપર પાડ ચડેલો હોય તે.
કપૂત .... ખરાબ ચાલનો છોકરો.
કરણી ...... કર્મ, કામ.
કરૂણા...... દયા, કૃપા.
કૃપા........ મેહેરબાની.
કૃતિ ...... કામ.
કર્મકહાણી...... બદ કામોની વાત.
કલામ...... ધર્મનું વચન, ફરમાન.
કવખત...... કવેળા, ખોટા વખત.
કસણો...... ઉદ્યમ અથવા કસરતથી ખીલવણો.
કસુર .... ભૂલ, ચૂક, ઘટ.
કળા........ જુક્તિ, હિકમત, ચતુરાઈ.
કાજ........ કામે.
કુદરત...... જગત, ઈશ્વરે બનાવેલાં કામ.
કુમતિ...... નઠારી સમજ, નઠારી મનની વલણ.
કુલ........ તમામ, બધું.
કુળ........ ખાનદાન, વંશ.
ક્રોધી........ ગુસ્સાવાળું, ચિડિયું.

ખલક.. .. .. જગત, આલમ, જહાંન.

ખ્યાલ.. .. .. વિચાર.

ખાનપાન .. .. ખોરાક તથા પાણી.

ખુદને........ પોતાને.

ખુબ........ સારાં, મઝાનાં.

ખેલ........ તમાસો.

ગંજ........ જથો, ખજાનો.

ગતિ........ શક્તિ.

ગંભિર.. .. .. ભય અને આશ્ચર્ય ઉપજાવે તેવું ઉંચું અથવા મોટું.

ગર્વ.... .... અહંકાર, મગરૂબી, અભિમાન.

ગલબો કરવો.... હૂમલો કરવો.

ગિરિ........ પહાડ, ડુંગર.

ગેબી........ છુપું, છાનું, ન દેખાય તેવું.

ચમકાર.. .... પ્રકાશ.

ચારો........ ઉપાય.

ચિત્ત........ મન, ધ્યાન.

ચુગલી.. .. .. ચાડી, નિન્દા, બદગોઈ.

છટેલ........ ફાટેલ, છાકેલો.

છાજશે.. .... શોભશે, બિરાજશે.

છાંડી........ તજી, છોડી.

છેલાઈ.. .. .. ઈશ્કી, ફાંકડાપણું.

જગનાથ...... ખુદા, ઈશ્વર.

જનમારો .... જીંદગી, ભવ.

જશ .. .. .. વખાણ, આબરૂ.

જળ........ પાણી.

જન્નત ...... મુવા પછીની હાલત, બેહસ્ત.

જાએજરૂર .... સણકાસ, પાયખાનું, વાડો.
જીવતર.. .... દુનિઆમાં જીવવું તે, જીંદગી.
જીહાંન.. .. .. દુનિયા, જગત, પેદાયેશ.
ઝટપટ .... જલદી.
ઠરેછે .. .. .. સંતોષ પામેછે.
ઠામ .. .. .. ઠેકાણું, જગા.
ડુબે .. .. .. ગરક થાય, ડુબી જાય.
તજવું.. .... છોડી દેવું.
તરકટીઆ .. .. દગો કરનાર, કાવતરૂં કરનાર.
તલભાર.. ..... જરાપણ.
તાકાત.. .. .. શક્તિ, જોર.
તાત.. .. .... બાપ, પિતા.
તારનાર.. .... છૂટકારો કરનાર, રક્ષણ કરનાર.
તેજી.. .. .... આબાદી, ચઢતી હાલત.
દુઃખહારી.. .... દુખ મટાડનાર.
દળદર.. .. .. કંગાલીઅત.
દરિદ્રતા..... .. કંગાલીઅત.
દાતાર.. .. .. આપનાર, ખુદા.
દિન દિન .. .. દહાડે દહાડે.
દિલદાર.. .... સાચો દોસ્ત, દિલનો ધણી.
દુર્ગંધિ.. .. .. ખરાબ વાસ.
દુર્ગુણ.. .. .. ખરાબ ગુણ.
દુર્દશા.. .. .. ખરાબ હાલત.
દે.... ..... આપ.
દેનાર........ આપનાર.
દેવો.. .. .... બુરાઈ, બુરી ચીજો, બુરા માણસો.
ધન્ય........ શાબાશ, રંગ.

ધુળધાણી .... .. નકામી, બરબાદ.
નંગ........ ... કીમતી વસ્તુ, હીરો.
નચિંતાઇ .... .. નીરાંત, ચિંતા વિનાનું તે.
નજીસાત...... મેલ, ગંદી ચીજ.
નમાજ.. .... .. બંદગી.
નવ....... .. .. નહિ.
નસીઅત...... શીખામણ.
ન્યારો.. .... .. અજાએબ જેવો, અજબ જાતનો, જુદોજ.
નાદાન.. .... .. દાનાવ નહિ તે, અજ્ઞાન, અણસમજુ.
ન્હાન........ ન્હાવાની ક્રિયા.
નિત.... .... દરરોજ.
નિર્મળ.. .... .. સ્વચ્છ, ચોખું.
નિરોગી.. .... રોગ વગરનું, તનદરોગત.
નીરાંત.. .... .. સુખ, ચેહેન.
નૂર .... તેજ, પ્રકાશ.
પછાડી.. .... પાછળ.
પડછાયો.. .... ઓળો.
પથારી.. .... .. બીછાનું.
પરખ્યા.. .... ઓળખ્યા, સમજ્યા.
પરમ........ મુખ્ય, ઉત્તમ, સૌથી શ્રેષ્ઠ.
પરમાણુ.. .... નક્કી, ખરૂં.
પરલોક.. .... .. મુવા પછીની હાલત.
પ્રતાપી.. .... .. ઉંચી પદવીવાળું, કીર્તિવાળું, તેજવાળું.
પ્રમાણી.. ..... નક્કી કરીને.
પાણી ફરવું.... ધૂળ મળવું, બરબાદ જવું.
પામર........ હલકું, કંગાલ, ગરીબ માણસ.
પાતાળ.. .... પૃથ્વી નીચે જે પ્રદેશ તે.

પુરાતન...... અસલના વખતનો, જૂનો.
પોખીને....... પોષણ કરીને.
પ્રાચીન...... અસલનું, જૂના વખતનું.
ફરજંદ...... છોકરું.
બંદા........ સેવક, નોકર.
બળ........ જોર, જોશ.
બાના........ જૂઠાં કારણ.
બાળાપણ .... બચપણ.
બૂજ........ કદર, સમજ.
બેશ........ સારું, ખાસુ, મઝેનું.
બોધ........ જ્ઞાન, ઉપદેશ, શિખામણ.
ભણ્ડાર...... ખજાનો, પુષ્કળતા.
ભાન........ હોંશ, સમજ.
ભાર........ માન, બોજ.
ભાવે........ પસંદ પડે, ગમે.
ભ્રાત........ ભાઈ.
મજહબ...... ધર્મ.
મતિ........ બુદ્ધિ, સમજ.
મનાયો...... સમજાયો.
મર્મ........ છૂપો ભેદ, અર્થ.
મલિનાઇ...... ગન્દાપણું, નજીસાઈ.
મશગુલ...... કામમાં રોકાયલું.
મહિમા...... કીર્તિ, તેજ.
મા........ નહિ.
મુખભેદ...... ચેહેરાનો તફાવત, મોહોડાનો ફરક.
મુખે........ મોહોડે.
મુરબ્બી...... કદરદાન, વડીલ, આશ્રય આપનારો મોટો પુરુષ.

મુરાદ.. .. .. ઇચ્છા, હોંસ, ઉમેદ.
મેહેર........ મેહેરબાની, મામા.
રાહનેમાઈ.. .. રસ્તો દેખાડવાનું કામ.
રંગ.... ... ધન્ય, સાબાશ, ખુશી.
રળે.... .... મેળવે, કમાય.
લબ.... .... મોહોડાંમાંથી ગળતું પાણી.
લગાર.. .. .. જરાપણ.
લાખ........ સો હજાર.
વડાઇ........ મોટાઇ, આબરૂ, કીર્તિ.
વર્તવું.. .. .. ચાલવું, રહેવું.
વલે.... .... દશા, હાલત.
વાણી........ જેકાંઈ બોલવું તે.
વિદ્યાદાતા.... વિદ્યા આપનાર, કેળવણી આપનાર, ગુરૂ.
વિપત્તિ.. .. .. આફત, પીડા.
વેશ.... .... પોશાક, સીનગાર.
શરીક.. .. .. ભાગીઓ, સાથી.
શાણી.. .. .. ડાહી.
શુકરાના..... સંતોષ પામીને પાડ માનવો.
સગાઇ.. .. .. સમ્બન્ધ.
સજીએ.. .... ધરીએ, પેહેરીએ.
સજનારા .. .. પોશાક પેહેરનાર.
સત .... સાચું.
સદ્‌ગુણી...... સારા ગુણવાળું.
સદાય........ હમેશ.
સ્નેહી........ મિત્ર, દોસ્ત.
સફળ........ ફળવાળું, સિધ.
સબલ.. .. .. બળવાન, જોરાવર.

સંભારવું .. .. .. યાદ કરવું.
સમ.... .... સરખું, સોગન.
સર.... .... માથું.
સરસાઇ.. .... એકએકથી સરસ થવું તે.
સ્વરભેદ.. .... અવાજમાં ફેર, સાદમાં તફાવત.
સવાળ કરતો.. .. ભીખ માંગતો.
સંસાર.. .. .. સૃષ્ટી, દુનીઆ.
સહાય થવું.. .. મદદ કરવી.
સાગર... .. .. સમુદ્ર, દરિઓ.
સાર.... .... ફાયદાની વાત, લાભ.
સાર=માંહીસાર.. સારામાં સારી.
સાંપડશે.. .... જડશે, પ્રાપ્ત થશે, મળશે.
સીધાવે.. .... જાએ, દુર થાય.
સુખ ખાણી.... સુખનો ભંડાર.
સુઝાડયો...... દેખાડયો.
સુવિચાર...... સારો વિચાર.
સેતાયશ ...... સ્તુતિ, ગુણ ગાવા તે.
સોહાય.. .... શોભાય.
હદ કરવી .. .. પાર વનાનું કરવું, ઘણુંજ કરવું.
હકુતકેશ્વર.. .. દુન્યા, સાત મુલક.
હાકેમ.. .. .. ધણી, રાજા.
હાજત.. .. .. વાડામાં જવું.
હિત.... .... ભલું, સારૂં.
હીણવું.. .... ધીકારવું, નિન્દા કરવી.
માનદાન .. .. માનની બક્ષીસ.